જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 36

JAGRUTI SANDESH

Vol 16 Issue No. 05 - Mumbai MAY 2016

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

જેજેસી-અમૃતનગર

અન્ડરઆર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ ઉત્સાહપૂર્વક સંપન્ન

તારીખ ૨૪.૪.૨૦૧૬, સ્થળ : આર.સીટી મૉલ (ઘાટકોપર)

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી તથા ક્રિકેટ ટૂર્નામેન્ટના ટી-શર્ટના સ્પોન્સરર શ્રી દામજીભાઈ (કાવી હોમ)

જેજેસી-અમૃતનગરના પ્રમુખ શ્રી અનિલભાઈ તથા જેજેસ-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી તથા સેન્ટરના કમિટી સભ્યો

જેજેસી-અમૃતનગર ક્રિકેટ ટીમના વિનર કેપ્ટન રાજેન મહેતા

જેજેસી-અમૃતનગર ક્રિકેટ લેડીઝ ગ્રુપનાં વિનર કેપ્ટન બિજલ કલ્પેશ સલોટ

લેડીઝ ગ્રુપ રનરઅપ ટીમનાં કેપ્ટન હેમાલી અરવિંદ શાહ તથા તેમની ટીમ

રનરઅપ ટીમના કેપ્ટન ચેતન શાહ તથા તેમની ટીમ

જેજેસી-અમૃતનગર ક્રિકેટ મેચના સ્પોન્સરર શ્રી હિરેન અનિલભાઈ દોશી ચેતન શાહને પ્રાઈઝ અર્પણ કરતા

જેજેસી-અમૃતનગરના પ્રમુખ શ્રી અનિલભાઈ સર્વ સભ્યો સાથે કોમેન્ટરી બોક્સમાં કોમેન્ટેટર દિલાવર સર સાથે બેસીને લાઈવ મેચ જોઈ રહ્યા છે

Advt.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**

કેબિનેટ કમિટી

ચૅરમૅન	: શ્રી સંજય બી. શાહ
તા.ભૂ.પૂ.ચૅરમૅન	: શ્રી રમેશભાઈ જે. મોરબિયા
ફાઉન્ડર ચૅરમૅન	: શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા
વાઈસ ચૅરમૅન	: શ્રી પ્રફુલ્લ વી. કામદાર
	શ્રી પ્રવીણ એ. શાહ
સેક્રેટરી જનરલ	: શ્રી કિશોર એસ. શેઠ
સેક્રેટરી	: શ્રી જયંતીલાલ કે. છાડવા
	શ્રી ઉદય ડી. સંઘવી
	શ્રી અનિલ જી. દોશી
	શ્રી વિજય એચ. મહેતા
ડેવલપમેંટ સેક્રેટરી	: શ્રી રમેશ એમ. સંઘવી
ખજાનચી	: શ્રી રાજેશ સી. ગાંધી
	શ્રી રાજેશ આર. ભણસાલી
તંત્રી	: શ્રી ચંદ્રકાંત એફ. શાહ

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

ચૅરમૅન	: શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન	: શ્રી કિશોર એન. શાહ
વાઈસ ચૅરમૅન	: શ્રી રમેશ જે. મોરબિયા
	: શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી	: શ્રી પ્રફુલ્લ વી. કામદાર
	: શ્રી અમિત બી. કોઠારી
ખજાનચી	: શ્રી હસમુખ કે. દેઢિયા

: ટ્રસ્ટીઓ :

શ્રી પ્રવીણ જી. શાહ	શ્રી કમલેશ સી. શાહ
શ્રી કિશોર એસ. શેઠ	શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી જયંતી કે. છાડવા	શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી રસિક એન. કોઠારી	શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રાજેશ આર. ભણસાલી	શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી ધર્મેશ એસ. જૈન	શ્રી રાહુલ એમ. ટિંબડિયા
શ્રી અનિલ જી. દોશી	શ્રી ચંદ્રકાંત એફ. શાહ

: ઈન્વાયટી :

શ્રી દિનેશ વી. શાહ	શ્રી કિરણ એચ. શાહ

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂા.૫/- **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

Message From The CHAIRMAN.....

મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,

જય જિનેન્દ્ર,

કુદરતનો પ્રકોપ પંચતત્ત્વોથી આ સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયેલ છે જેમાં પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ આવે છે. કુદરતના નિયમ મુજબ આ તત્ત્વો સ્વતંત્ર રીતે પોતપોતાનું કાર્ય કરી રહેલ છે. જગતનાં સર્વે પ્રાણીમાત્રની ઉત્પત્તિ પણ આ પંચતત્ત્વથી જ થયેલ છે જેમાં મનુષ્ય મોખરે છે અને સર્વે જીવોનો લય પણ આ તત્ત્વોમાં જ ભળી જાય છે.

વિશ્વભરમાં હાલના પ્રવર્તતા સંજોગોથી એવી પ્રતીતિ થાય છે કે મનુષ્ય આ પંચતત્ત્વને પૂરેપૂરો ન્યાય-સન્માન આપતો નથી અને મન ફાવે તેમ વર્તન કરે છે જેનું પરિણામ સમગ્ર સૃષ્ટિ ભોગવી રહી છે. ભારતમાં જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વમાં ધરતીકંપ, મેઘતાંડવ, વાવાઝોડાં, દુષ્કાળ, પાણીની અછત અને સૂર્યની આગઝરતી અનહદ ગરમીના સમાચાર આપણે દરરોજ વાંચીએ-સાંભળીએ છીએ. ક્યાંક બરફનું તોફાન અને ક્યાંક અસહ્ય ગરમી આમ આ પંચતત્ત્વો તેની ચીમકી આપે છે.

વિશ્વનાં દરેક રાષ્ટ્રના નેતાઓ આવા અકુદરતી સંકેતોને મોટું ભયસ્થાન ગણે છે. દુનિયાનો નાશ તો નથી થઈ જવાનો, પરંતુ ભયંકર ઊથલપાથલના કારણે જનજીવન અત્યંત મુશ્કેલીમાં મુકાઈ જશે તેવો સતત ભય પ્રવર્તે છે. હાલના સમાચાર મુજબ દુનિયાના ૧૭૫ દેશોએ સાથે મળી ''ધરતી બચાવ''નો કાર્યક્રમ યુદ્ધના ધોરણે ઘડી કાઢવાનો સર્વાનુમતે નિર્ણય લીધો છે. આપણાથી પણ બની શકે તેટલી વિવેકબુદ્ધિથી કુદરતને અનુકૂળ થવાની તાતી જરૂરત છે.

જમશેદજી તાતાની દીર્ઘદૃષ્ટિથી મુંબઈની વસ્તી જ્યારે ૨૦/૨૨ લાખ હતી ત્યારે જ ખોપોલી પ્રોજેક્ટ, આંધ્રવેલી પાવર પ્રોજેક્ટ જેવા પ્રોજેક્ટ સ્થાપવામાં આવ્યા અને એના થકી જ આજે ૧૨૫ લાખની વસ્તીને કાંઈ તકલીફ નથી પડતી.

દૂરંદેશીનો ઉલ્લેખ થયો તો આપણે જેજેસીની દીર્ઘકાલીન દીર્ઘદૃષ્ટિથી પુષ્ટિ પામેલ સાધર્મિક ભક્તિરૂપ ઉચ્ચ શિક્ષણ અભિયાનનો ઉલ્લેખ ગર્વપૂર્વક કરવો જ રહ્યો. પૂરી દુનિયામાં જૈન જ્ઞાતિ તેની સાધર્મિક પ્રવૃત્તિ માટે પ્રખ્યાત છે. એક જૈન સંજોગોને આધીન નબળા પડી ગયેલા તેના બીજા જૈન ભાઈ-પરિવારના ઉત્થાન માટે કાંઈક ને કાંઈક ઉપાય કરશે જ.

મુંબઈ જેવા કૉસ્મોપોલિટન શહેરમાં મારા ઘણા મિત્રોએ તેમના બીજી કૉમ્યુનિટીના મિત્રોને એવું કહેતા ટાંક્યા હશે કે -

તમે જૈનો એકબીજાને હેલ્પ કરી ઉપર લઈ આવો છો જ્યારે અમારે ત્યાં આવું થતું નથી...

હવે પ્રવાહ પલટાયો છે. હાયર ઍજ્યુકેશનનો પ્રભાવ ઘણો વધી ગયો છે. દરેક વિદ્યાર્થીએ હાયર ઍજ્યુકેશન લેવું અનિવાર્ય બની ગયું છે. સ્પેશિયાલિટીનું મહત્ત્વ બહુ જ વધી ગયું છે. સુખી-સંપન્ન-મજબૂત સમાજનું નિર્માણ કરવા જૈન બાળકો વધુ ને વધુ ભણે તે માટે જૈન સમાજના પૈસેટકે સમૃદ્ધ લોકોએ પોતાની ફરજ નિભાવવી જ જોઈએ અને એ સંદર્ભમાં જ જૈન જાગૃતિ જેવી સંસ્થા અથાક પ્રયત્ન કરી રહી છે.

આપ સૌ જૈન જાગૃતિ સેન્ટરના જ એક સભ્ય છો તેથી કોઈ પણ ટેલેન્ટેડ જૈન બાળક/વિદ્યાર્થી પૈસાના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની સમગ્ર જૈન સમાજની સાથે આપણી પણ ફરજ છે.

સમાજની એક અગ્રગણ્ય સંસ્થાની હેસિયતથી આપણે આ અભિયાન શરૂ કર્યું છે. સેન્ટ્રલ બોર્ડ આપ સૌ સમક્ષ ઘણી જ આશા લઈને આવે છે. વરસમાં ફક્ત એક જ વાર આ માટે આપની પાસે આવીએ છીએ. આ અભિયાન દરેક જેજેસી સભ્યનો સહિયારો યજ્ઞ છે. આનાં ફળ વરસોવરસ મળતાં રહેશે. છેવટે જૈન સમાજ એક પ્રબળ સમૃદ્ધ સમાજ બનીને જ રહેશે. અમે તમારી પાસે આવી રહ્યા છીએ. હજી પાંચ વર્ષ માટે આવીશું. ત્યાર બાદ આ અભિયાન પોતાની મેળે જ ચાલશે.

જેજેસીનો હાયર ઍજ્યુકેશન પ્રોજેક્ટ આજે જેજેસીનો સરતાજ પ્રોજેક્ટ બની ગયો છે એ આપણે જ નહીં, પણ જૈન અને જૈનેતરની બીજી સંસ્થાઓ પણ કબૂલ કરે છે. બહારથી આર્થિક રીતે હૃષ્ટપુષ્ટ દેખાતો જૈન સમાજ અંદરખાને નબળો પડી ગયો છે – તેની પ્રતીતિ તો અમે જ્યારે વિદ્યાર્થીઓ અને તેમના વડીલો સાથે બેસીએ છીએ ત્યારે થાય છે. રાજકારણીઓએ શિક્ષણનું વ્યાપારીકરણ કરતા શિક્ષણ મોંઘું થઈ ગયું જે આપણા મધ્યમ વર્ગના જૈનોને પરવડી શકે નહીં.

બીજી તરફ વૈશ્વિકીકરણ થતા આપણા વારસાગત ધંધા ખોરવાતા જાય છે. ત્રીજી તરફ સરકારની ભેદભાવવાળી નીતિને લઈને આપણી લીટી અન્ય સમાજની લીટી કરતાં નાની થતી જાય છે ત્યારે જૈન સમાજની હાલાકી વધતી જાય છે. Below Categaryના કામ કે ધંધા આપણે ક્યારેય કરી શકવાના નથી. ત્યારે બચવા માટે Higher Education is the only way. ગણતર એટલે કે Wisdom એ આપણા જૈનોમાં જન્મજાત સંસ્કરણ છે, પણ ભણતર વિના ગણતરની કોઈ કિંમત આજે નથી – તે એકડા વિનાના મીંડા સમાન છે.

આજે પાંચમા આરાની શરૂઆતમાં-કલિયુગના સમયમાં જ્યારે બધાં જ માનવીય મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે પૈસો મારો પરમેશ્વરનો ઝડપથી ઉદય થઈ રહ્યો છે અને જીવવા માટે પૈસા-ધનનું ઉપાર્જન બહુ જરૂરી થઈ ગયું છે. આજની શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થીઓને મહદ્અંશે પૈસો કમાવી લેવાની (By Hook or Crook) કરામત શીખવાડે છે. ભવિષ્યમાં પૈસા (ધન) વિનાનો માણસ શુદ્ર જાતિમાં ફેરવાઈ જશે. તેને શુદ્ર જેવાં કાર્યો કરવા પડશે. એક ડહાપણ (Wisdom)વાળા સમાજ માટે દરેકની સંયુક્ત ફરજ બની જાય છે કે આવનારી પેઢીનાં દરેક સંતાનો પૂરતું શિક્ષણ પામે. આપણો ધર્મ પણ આપણને એ જ શીખવાડે છે.

આજથી પચાસેક વર્ષ પહેલાંના સમયમાં જ્યારે શિક્ષણ અને અનુભવ લેવા પૈસાની જરૂર ન હતી ત્યારે જૈન શ્રેષ્ઠીઓએ ધાર્મિક સંસ્થાનો ઊભાં કરવા-સ્થાપવા પુષ્કળ ધન વાપર્યું છે, પણ આજે શિક્ષણ નામનું એક નવું પરિમાણ ઉમેરાઈ ગયું છે ત્યારે બાળકોને મોંઘેરું ઊંચું શિક્ષણ આપવું અને એ માટે વ્યવસ્થા કરવી પરમધર્મ બની ગયો છે તેવું સાધુ-સંતોને પણ સમજાઈ ગયું છે અને તે તરફ તેમના પ્રયત્નો શરૂ પણ થઈ ગયા છે. તેથી જ તેઓ પણ આપણા જેજેસીના શિક્ષણ અભિયાનને આશીર્વાદ આપી અનુમોદિત કરી રહ્યા છે.

જોતજોતામાં વૅકેશન પતી ગયું. કોઈ વતનમાં, તો કોઈ મોસાળમાં, કોઈ દેશમાં તો કોઈ પરદેશમાં ફરવા જઈ આવ્યા હશે... ભાગ્યે જ કોઈ બાકી હશે કે ક્યાંય ન ગયા હોય! વૅકેશનમાં માણેલી મજા, કરેલાં મસ્તી-તોફાન સ્મૃતિપટ પર કાયમ અંકિત થઈ જાય છે. મોટી ઉંમરે તેને Replay કરીને, સ્મૃતિમાંથી એક પછી એક પડ ઉખેળીને જે આનંદ આવે તેનો અનુભવ દરેકને હોય છે.

એક સૂચના – વર્ષ ૨૦૧૬ની ૧૧મી જેજેસી કૉન્ફરન્સ તા. ૧૭/૧૮/૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમિયાન ગોવા (Resort Rio) ખાતે રાખવાનું નક્કી કર્યું છે. દરેક કમિટીને ખાસ સૂચન કે દરેક કમિટી સભ્ય આ કૉન્ફરન્સમાં ભાગ લઈ શકે તે માટે આ દિવસો દરમિયાન સેન્ટરનો કોઈ કાર્યક્રમ રાખે નહીં.

શું વિચારવા લાગ્યા મિત્રો? વિચારો છો જ તો હજી વિચારો... આ 'જાગૃતિ સંદેશ' માટે વિચારો... અને તમારા વિચારો મને જરૂરથી લખીને મોકલાવો... હું તમારા વિચારો જાણવા તત્પર છું...

લિ. સંજય બી. શાહ
ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ

મનોરંજનની અટારીએથી

જે.જે.સી.		તારીખ	કાર્યક્રમ	
● અમૃતનગર	:	૦૩-૦૪-૧૬	'વને-ડે પિકનિક (ગ્રેટ એસ્કેપ રિસોર્ટ)' -	★
	:	૦૯-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	★
	:	૨૪-૦૪-૧૬	'અન્ડર આર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ'	★
● બીચ સાઇડ	:	૨૬-૦૪-૧૬	'Block Buster Game Show' -	★
● બોરીવલી	:	૦૫-૦૪-૧૬	'હાફ ટિકિટ' - નાટક	★
● ભાવનગર	:	૨૪-૦૪-૧૬	'મોટિવેટિવ વર્કશોપ' - શ્રી યોગેશભાઈ શાહ	★
● ભાંડુપ-વિક્રોલી	:	૧૬-૦૪-૧૬	'એક Selfie સજોડે' - નાટક	◈
	:	૩૦-૦૪-૧૬	'CODE મંત્ર' - નાટક	◈
● દીઓદર	:	૧૦-૦૪-૧૬	'પદગ્રહણ સમારોહ' -	★
● દહિસર	:	૩૦-૦૪-૧૬	'હાફ ટિકિટ' - નાટક	◈
● જુહુ	:	૦૩-૦૪-૧૬	'LIVE IPL મૅચ' -	★
	:	—	'KI & KA' - ફિલ્મ	◈
	:	—	'FAN' - ફિલ્મ	◈
	:	૧૦-૦૪-૧૬	'વાર લાગી થોડી, પણ જામી ગઈ જોડી' - નાટક	✦
	:	૧૯-૦૪-૧૬	'પ્રભુ મહાવીર જન્મકલ્યાણક' - નાટક	★
	:	૨૩-૦૪-૧૬	'અદશ્યમ' - નાટક	★
	:	—	'Santa Banta Pvt. Ltd.' - ફિલ્મ	✦
	:	—	'Udta Punjab' - ફિલ્મ	✦
● જુહુબીચ	:	૧૨-૦૪-૧૬	'થપ્પો' - નાટક	★
● જેતપુર	:	૨૮-૦૨-૧૬	'હાઉઝી ગૅમ શો' -	★
● જેમ્ જગડુશા	:	૧૩-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	✦
● કાંદિવલી	:	૨૫-૦૪-૧૬	'હુ તુ તુ તુ-પાર્ટ-૨' - ગુજરાતી ગીતો	★
	:	૨૦-૦૪-૧૬	'મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ' -	✦
● લેડીઝ વિંગ મુંબઈ(ઈસ્ટ)	:	૧૪-૦૪-૧૬	'ધ વેઈટિંગ રૂમ્સ' - નાટક	✦
● મુંબઈ	:	૧૬-૦૪-૧૬	'ગીતમાલા કી યાદેં' - ફિલ્મ ગીત	★
	:	૨૪-૦૪-૧૬	'Natyashala's mime play-Bharari' -	✦
	:	૨૮-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	✦

● નવી મુંબઈ	:	૨૮-૦૪-૧૬	'આપણું તો બધું ગોલમાલ છે?' – નાટક	✦
● નૉર્થ ઈસ્ટ	:	૨૩-૦૪-૧૬	'બૉલીવૂડ કવ્વાલી'	✦
		૨૫-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	*
● પેડર રોડ	:	૧૦-૦૪-૧૬	'ટ્રે ડેકોરેશન' -	*
● રૉયલ જગડુશા	:	૧૩-૦૪-૧૬	'Best of Bollywood' - ઑર્કેસ્ટ્રા	✦
	:	૨૩-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	✦
● સાયન-માટુંગા	:	૦૭-૦૪-૧૬	'દિલ કી નજર સે' - મ્યુઝિકલ શો	*
● સૂર્યપુર (સુરત)	:	૨૪-૦૪-૧૬	'તોલ મોલ કે બોલ' - ગૅમ શો	*
● વાપી	:	૦૩-૦૪-૧૬	'KI & KA' - ફિલ્મ	✦
	:	૧૬-૦૪-૧૬	'કર્મનું કુરુક્ષેત્ર' - નાટક	✦
● વિલે પાર્લા	:	૦૭-૦૪-૧૬	'હાફ ટિકિટ' - નાટક	✦
	:	૧૭-૦૪-૧૬	'ફેન' - ફિલ્મ	✦
	:	૧૯-૦૪-૧૬	'મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ' -	*

સંજ્ઞા : જમણ સાથે * જમણ વિના ◈ નાસ્તો ✦

૨૨મો સમૂહલગ્નોત્સવ

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

આયોજન

શનિવાર, તા. ૩.૧૨.૨૦૧૬ના રોજ, કચ્છી ગ્રાઉંડ,
બોરીવલી – વેસ્ટમાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે.
વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.
વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.
ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮
Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

જૈન જાગૃતિ સેન્ટર તથા
જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
નીચેનાં સર્વે સેન્ટરોના ચૅરમૅનને હાર્દિક શુભેચ્છા પાઠવે છે

JUNE CHARTER DATE

S.No.	Name Of Centre	Charter Date	President	Mobile No	Secretary	Mobile No.
1	Sion Matunga	09-06-1979	Praful Shah	9820028905	Rajesh Gandhi	9821069989
2	Ladies Wing Rajkot	12-06-2005	Nila Parekh	9429567894	Divyaben Parekh	9898024768
3	Mundra	18-06-2005	Bhupendra Mehta	9825214599	Rajan Mehta	9825072691
4	Jamnagar West	19-06-2011	Vijay Mehta	9824897956	Jayprakash Vora	9426384121
5	Porbander	19-06-2011	Chandrakant Vora	9925484221	Ashok Mehta	9427386063
6	Deodar	22-06-2008	Anil Doshi	9426592614	Lalit Sandsa	8735893046
7	Vapi	28-06-2008	Nalin Sanghavi	9825145027	Jignesh Bhayani	9824154308
8	Ladies Wing Vapi	28-06-2009	Sandhya Shah	9825124202	Beena Jain	9426844449
9	Chennai	29-06-1997	Manish Shah	9380693861	Shrejul Kothari	9962512909
10	Kalawad	29-06-2012	Praful Mehta	9998100500	Mahesh Rupani	9376499910

JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD YEAR - 2016

EDUCATION APPEAL

Sr. No.	Name of the Centre	Appeal Date	Place	Time
1	Malad	**26-05-2016**	Aspee Auditorium	9.00 p.m.
2	Beach Side	**27-05-2016**	Bhaidas Hall	9.00 p.m.
3	Vashi	**06-06-2016**	Vishnudas Bhave Hall	9.00 p.m.
4	Borivali	**14-06-2016**	Bhaidas Hall	9.00 p.m.
5	Kandivali	**15-06-2016**	Bhaidas Hall	9.00 p.m.
6	Amrutnagar	**16-06-2016**	Zaverben Hall	9.00 p.m.
7	Rajwadi	**25-06-2016**	Zaverben Hall	8.00 p.m.

જૈન જાગૃતિ સેન્ટર (સાયન – માટુંગા) ચેરીટીબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪-એ, સાયન (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૨૨.

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ વર્ષ ૨૦૧૬-૨૦૧૭

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ –વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

સેન્ટરના વ્હાલા સભ્ય મિત્રો,

સહર્ષ જણાવવાનું કે દરેક વર્ષની માફક આ વર્ષે પણ **જૈન પરિવાર**ના જરૂરીયાતવાળા **(જેઓની માસિક આવક રૂા. ૧૫,૦૦૦/– થી ઓછી હોય)** કુટુંબના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય અને **મુંબઈ (સાઉથ મુંબઈ થી સેન્ટ્રલ મુંબઈમાં મુલુંડ સુધી અને પશ્ચિમ મુંબઈમાં બોરીવલી સુધી)**માં જ રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ (દીકરો/દીકરી) ને **શૈક્ષણિક અભ્યાસ માટે દત્તક** લેવાનું નકકી કર્યુ છે. દત્તક લીધેલ (પસંદ કરાએલ) વિદ્યાર્થીને આપણાં ટ્રસ્ટ તરફથી **૧૨માં ધોરણ સુધી દરેક વર્ષે અભ્યાસ માટેનો ખર્ચ** (શાળાની ફી, યુનીફોર્મસ, બુકસ, નોટબુક્સ, શુઝ વિગેરે) આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિ મેળવવા માટે વિદ્યાર્થીના વાલીએ સાદા કાગળ ઉપર **નીચે મુજબની વિગત સાથે અરજી કરવાની રહેશે.**

૧) બાળકનુ પુરેપુરુ નામ, સરનામું, ફોન નંબર.
૨) મુળવતન, બાળકની જન્મતારીખ.
૩) હાલમાં અભ્યાસ કરતાં હોય તે ધોરણ અને પ્રાથમિક શાળાનું નામ તેમ જ સરનામું.
૪) મા-બાપની માસિક આવક અને કુટુંબની સામાન્ય વિગત.
૫) બાળકનો ફોટો, રેશનકાર્ડની ઝેરોક્સ તથા ધોરણ પાસ કર્યુ હોય તેની માર્કસ શીટ.

અને આ અરજી માતા અથવા પિતાએ તેઓના બાળક સાથે **બુધવાર, તારીખ ૧૮ મી મે ૨૦૧૬ થી તા. ૧૮ મી જૂન, ૨૦૧૬ દરમ્યાનના કોઈપણ બુધવારે અથવા શનિવારે સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન નીચેના સરનામે રૂબરૂ આપવાની રહેશે.**

C/o. સી.એમ.ગાંધી કન્સટ્રકશન કું.
૧૬, આશીર્વાદ બિલ્ડીંગ, ૪થે માળે, વિઠોબા મંદિરની બાજુમાં, સાયન મેઈન રોડ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨

ખાસ નોંધ : આ દિવસ અને સમય સિવાય કોઈએ મહેરબાની કરી આવવુ નહિ.

જૈન જાગૃતિ સેન્ટર (સાયન-માટુંગા) ચેરીટીબલ ટ્રસ્ટ દ્વારા નીચે મુજબનાં ચેરીટીબલ કાર્યો અને સહાય માટે ફંડો ચલાવવામાં આવે છે.

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ - કેળવણી - શિક્ષણ ફંડ

શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી - ઈન્ફોટેક ફંડ

શ્રીમતી મંજુલાબેન ગુણવંતરાય સી. શાહ - મેડીકલ ફંડ

શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ - ડાયાલીસીસ ફંડ

શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ - માનવ રાહત ફંડ

શ્રીમતી મંગલાબેન જશવંતલાલ શાહ - અનાજ રાહત ફંડ

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - જીવદયા ફંડ

શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઈ શાહ - સ્કોલરશીપ ફંડ

✍...લી.

જયંતભાઈ એમ. શાહ ● સતીષભાઈ સી. શાહ
જયેન્દ્રભાઈ એમ. સંઘવી ● સુરેશભાઈ કે.શાહ
ટ્રસ્ટી અને કન્વીનીયર્સ

રાજેશભાઈ સી. ગાંધી
ચેરમેન

Advt.

જૈન જાગૃતિ સેન્ટર (સાયન - માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ

C/o. ૧૧૭-એ, મધુબન, ફ્લેટ નં. ૪, રોડ નં. ૨૪એ, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.

શ્રી રાજેશભાઈ ગાંધી ને **Third Term** માટે ચેરમેન તરીકેની નિમણુક બદલ
આપણા સહુના હૃદયપૂર્વકના અભિનંદન...

કારોબારી સમિતિ વર્ષ ૨૦૧૬ - ૨૦૧૮

Chairman
શ્રી રાજેશ ગાંધી

I.P. Chairman	Founder Chairman	Vice Chairman
શ્રી ગુણવંત એચ. શાહ	શ્રી જયંત એમ. શાહ	કમલેશ એમ. પારેખ

Hon. Secretary	Hon. Secretary	Treasurer	Jt. Treasurer
શ્રી સતીશ સી. શાહ	શ્રી સુરેશ કે. શાહ	શ્રી અતુલ વી. સંઘવી	શ્રી કીર્તિ પી. તુરખીયા

: Donor Permanant Trustee :

શ્રી પ્રવીણ જી. શાહ — શ્રી કિશોર એન. શાહ — શ્રી કમલેશ સી. શાહ
શ્રીમતી દીપીકા એમ. શાહ — શ્રી શ્રેયાંશ જે. શાહ

: Permanant Trustee :

શ્રી હર્ષદ જે. ગાંધી — શ્રી જયેન્દ્ર એમ. સંઘવી

: Trustee :

શ્રી જયેન્દ્ર એચ. શાહ — શ્રી ચંદ્રકાંત જે. મહેતા — શ્રી નરેન્દ્ર એમ. દોશી
શ્રી જીતેન્દ્ર એમ. શાહ — શ્રી મહેન્દ્ર વી. શાહ — શ્રી હેમંત ડી. શાહ — શ્રી મહેશ એન. સંઘવી

જૈન જાગૃતિ સેન્ટર (સાયન - માટુંગા) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતાં વિવિધ ફંડો

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ - વિદ્યાર્થી દત્તક યોજના ફંડ

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ -
કેળવણી - શિક્ષણ ફંડ

શ્રીમતી કાંતાબેન ચંદુલાલ મણીલાલ ગાંધી -
ઈન્ફોટેક ફંડ

શ્રીમતી મંગલાબેન ગુણવંતરાય સી. શાહ -
મેડીકલ ફંડ

શ્રીમતી ભારતીબેન રમેશચંદ્ર શાહ -
ડાયાલીસીસ ફંડ

શ્રીમતી રંભાબેન ચતુરદાસ મણીલાલ શાહ -
માનવ રાહત ફંડ

શ્રીમતી મંજુલાબેન જશવંતલાલ શાહ -
અનાજ રાહત ફંડ

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ -
જીવદયા ફંડ

શ્રીમતી સવિતાબેન હ. કમલેશ ચીનુભાઈ શાહ -
સ્કોલરશીપ ફંડ

Advt.

જીવનમાં પ્રભુ પાસે માગવા જેવી બે વાત: ૧) ભૂલ સુધારવા ભેજું ૨) ભૂલ સ્વીકારવા કલેજું

■ કિરણ શાહ (Past Chairman)

ભૂલ કરવી એ મનુષ્યસહજ છે, પણ એનો સ્વીકાર કરવો એ મનુષ્યસહજ નથી. દોષનો ટોપલો બીજા પર ઢોળી દેવો એ વિશેષ માનવસહજ છે અને તેના પર ઢાંકપિછોડો કરવો એ વિશેષ વિશેષ માનવસહજ છે. ભૂલ થવી એ સંભવિત છે, પણ તેનો સ્વીકાર કરવો અસંભવિત છે. દરેક માણસ ભૂલ કરવાની નિપુણતાથી જ જન્મ્યો હોય છે અને ભૂલ થઈ જાય તેમાં કશું જ ખોટું નથી, જો તમે તેની આદત ન પાડતા હો તો. ભૂલ થઈ જાય તેમાં કોઈ હરકત નથી, માત્ર તેનો ''વન્સ મોર'' ન થવો જોઈએ. ભૂલને પકડી રાખવી તે મૂરખાઈ છે અને ભૂલને વળગી રહેવું એ મૂરખાઈભર્યું છે. જે માણસે લૂછવાનું રબર ખોળી કાઢ્યું તેને સમગ્ર માનવજાતના આ લક્ષણનો ખયાલ આવી જ ગયો હશે, પણ પેન્સિલ પૂરી થતાં પહેલાં આખું રબર ઘસાઈ જાય તો તમે વધારેપડતું કરો છો.

તમારી ભૂલોની ચિંતા ન કરશો. કેટલાક અણઘડ માણસો તો એટલુંય નથી કરતા. ભૂલ એ કંઈ નહીં તો એટલી સાબિતી તો છે કે કોઈક કંઈક સિદ્ધ કરવાનો પ્રયત્ન તો કર્યો જ છે અને ભૂલ કંઈ એટલી બધી ખરાબ હોતી નથી!! જુઓ ને કોલંબસે ભૂલથી જ અમેરિકા દેશ ખોળી કાઢ્યો હતો ને. તમારે ભૂલોની સંખ્યા ઘટાડવી હોય તો એક જ બાબત છે, કામ જ ન કરો. ક્યારેય કશી ભૂલ ન કરતો હોય એ માણસ નીરસ અને નિષ્ક્રિય જીવન જીવતો હોય છે. આવો માણસ કદાચ પોતાની નિષ્ક્રિયતાથી પણ કંટાળી જતો હશે. તમે જો એકેય ભૂલ ન કરતા હો તો તમે ભલે જીવો કે મરો-કોઈનું ધ્યાન ખેંચાશે નહિ. ખોટે ટાંકણે હોશિયારી થઈ જાય તે કરતાં સાચે ટાંકણે ભૂલ થઈ જાય એ વધારે સારું છે.

જીવનની અડધોઅડધ ભૂલ કઈ રીતે થાય છે? જ્યારે આપણે વિચાર કરવો જોઈએ ત્યારે લાગણીથી દોરવાઈએ છીએ અને જ્યારે લાગણી થવી જોઈએ ત્યારે વિચારોથી દોરવાઈએ છીએ. શાણા માણસો બીજાની અને પોતાની ભૂલોમાંથી શીખે છે, જ્યારે મૂરખાઓ પોતાની ભૂલોમાંથી પણ નથી શીખતા. જો તમે તમારી પોતાની ભૂલમાંથી પણ કંઈ શીખી ન શકો તો તે કરવાનો કોઈ અર્થ નથી. માણસે પોતાની ભૂલોનો સ્વીકાર કરવા જેટલા ઉદાર થવું જોઈએ, એનો લાભ ઉઠાવવા જેટલા ચતુર અને તેને સુધારવા જેટલા નિશ્ચયી. કેટલીક વાર આપણે માણસ સદ્ગુણમાંથી શીખીએ છીએ તે કરતાં તેની ભૂલોમાંથી વિશેષ શીખીએ છીએ. મોટા ભાગના લોકો પોતાની ભૂલમાંથી શીખતા હોય તો તે એક જ કે એને બીજા પર કઈ રીતે ઢોળી પાડવી. આપણે બીજાની ભૂલો સુધારવાનો પ્રયાસ કરવાને બદલે આપણી પોતાની ભૂલો સુધારી લઈએ તો તે રીતે બીજાનું વધારે ભલું કરીશું. આપણે બીજાની ભૂલ અને મૂરખાઈની ચર્ચા કરવા કૂદી પડીએ છીએ એનો અર્થ એ નથી કે આપણે એના કરતાં ચઢિયાતા છીએ. કેટલાક લોકો સમજતા નથી કે બીજાની ભૂલો ખુલ્લી પાડવાથી તેમની ભૂલો ઢંકાયેલી રહેતી નથી. સામાન્યતઃ આપણે બીજાની ભૂલો વિશેષ કહેતા હોઈએ છીએ, કારણકે આપણી ભૂલ વિશે કહેવા કરતાં તેમાં ઓછો સમય લાગે છે. ઘણી વાર બીજાની ભૂલ નાની ગણાય કે મોટી તે તો તમને એના પર કેટલી ચીડ છે તેના પરથી નક્કી થાય છે.

તમે તમારી ભૂલને મૃદુતાથી નિહાળો છો તે જ રીતે અન્યની ભૂલનો તોલ કરશો. બીજાની ભૂલ પ્રત્યે સહિષ્ણુ બનો, તેમને તમારી ભૂલ પ્રત્યે સહિષ્ણુ બનવું જ પડશે. ઘણી વાર તમે તમારી ભૂલોનો બચાવ કરો છો તો એનો અર્થ એ પણ થાય કે તમે એનાથી મુક્ત થવા માગતા નથી. આ જગતમાં બહુ ઓછા લોકોને પોતાની ભૂલ જોવાની આંખો હોય છે.

તમારી ગલતીને સુધારી લેવાની તૈયારી હોય તો ગલતી ગલતી રહેવા પામતી નથી. એકવાર તમે તમારી ભૂલ માટે માફી માગી લો તો બીજી વાર મન દુભાવવા માટેની ભૂમિકા સર્જી શકાય છે. જ્યારે માણસ બીજાની ભૂલ માટે તેને માફ નથી કરી શકતો ત્યારે તે જે પુલ પરથી પસાર થવાનો છે તે જ તોડી પાડે છે, કારણકે દરેક માણસ ક્યારેક ને ક્યારેક તો ક્ષમાપાત્ર બનતો જ હોય છે. ક્ષમા માગવા માટે નમ્રતા જોઈએ અને આપવા માટે ઉદારતા. અશ્રુજળ

ગંગાજળથી ઓછું પવિત્ર નથી. તમે જ્યારે તમારી ભૂલ માટે માફી માગો કે માફી આપો ત્યારે તે બિનશરતી જ આપજો, તમને મળશે ત્યારે તે જ પ્રમાણે મળશે. એ પણ યાદ રાખજો કે મારી અસંખ્ય અણઆવડતો, નાસમજ કે ભૂલો સહિત જો હું મારી જાતને આટલો બધો ચાહી શકતો હોઉં તો બીજાને તેમની એકાદ ભૂલ કે થોડી અણઆવડત માટે હું કેવી રીતે ધિક્કારી શકું!!! આખરે તો યે ધરતી હૈ ઈન્સાનોં કી કુછ ઔર નહીં ઈન્સાન હૈ હમ!!

આ વિષય પર આપણે થોડું Introspection- આત્મનિરીક્ષણ આપણી જાત સાથે અને આપણી જાત માટે કરવાની જરૂર છે. આપણે બીજાને ક્ષમા પ્રદાન કરવામાં ગૌરવ અને શાલીનતાની અનુભૂતિ કરીએ છીએ, પણ ઘણી વાર આપણી જાત પણ આપણી ક્ષમાની અધિકારી હોય છે અને એ વિશે આપણે સ્વસ્થ ચિત્તે વિચાર કરવો જોઈએ. મેં સસ્તી લોકપ્રિયતા માટે હવાતિયાં માર્યાં છે? હું વેચાયો છું કે વહેંચાયો છું? જીવનનાં દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવની ખેવના કરવામાં મેં ઉત્તમ મનુષ્ય તરીકે ભૂમિકા ભજવી કે નહીં!! વગેરે વગરે. આ આત્મનિરીક્ષણના સંબંધમાં ઘડિયાળ જેને અંગ્રેજીમાં Watch કહે છે તેને હંમેશાં યાદ રાખો.

W વૉચ યોર વર્ડ્ઝ - તમારા શબ્દો પર ધ્યાન આપો

A વૉચ યોર ઍક્શન – તમારા કાર્ય પર નજર રાખો

T વૉચ યોર થોટ્સ - તમારા વિચારો પ્રત્યે સજાગ રહો

C વૉચ યોર કેરેક્ટર – તમારા ચારિત્ર્ય અંગે સાવધ રહો

H વૉચ યોર હાર્ટ - તમારા દિલની પવિત્રતાની કાળજી રાખો

... અને અંતમાં ભૂલ સુધારવા ભેજું અને ભૂલ સ્વીકારવા કલેજું જેવા ગંભીર વિષય પર લખતાં લખતાં હજુ પણ ઘણું લખી શકાય તેમ છે ત્યારે હું એ બધી જ લાગણીઓ અને ઊર્મિઓની માફી માગું છું, શબ્દોનું રૂપ જેને હું આપી નથી શક્યો.

ખૂબ અઘરું છે ક્ષમા લેવી અને દેવી છતાં
સાવ સહેલી વાત છે જો દરગુજર કરતાં શીખો.

-તુરાબ ''હમદમ''

ડ્રોઈંગ રૂમનું વાસ્તુ કેવું હોવું જોઈએ

ડ્રોઈંગ રૂમ એ સમગ્ર ઘરનું હૃદય કહેવાય છે. જ્યારે કોઈ પણ વ્યક્તિ ડ્રોઈંગ રૂમમાં પ્રવેશ કરે છે ત્યારે તેમાં રહેલું ફર્નિચર, ગોઠવણી, વસ્તુઓ તેના મસ્તિષ્ક પર અસર કરે છે.

ડ્રોઈંગ રૂમ એ ઘરનું નાક કહીએ તો ખોટું નથી. ડ્રોઈંગ રૂમને ફર્નિચર, મ્યુઝિક સિસ્ટમ, સોફા, ટેલિવિઝન, શો-પીસ અને પડદાઓની સજાવટથી શોભામાં અભિવૃદ્ધિ કરી શકાય છે.

૧) ડ્રોઈંગ રૂમમાં યુદ્ધ, ભયાનક પ્રાણીઓ, ભયાનક દશ્યોવાળાં ચિત્રો લગાડવાં જોઈએ નહીં. આવાં પૉસ્ટરો કે ફોટાઓ લગાડવાથી નકારાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે, જે ઘરમાં ઝઘડાનું કારણ બની શકે છે.

૨) ડ્રોઈંગ રૂમમાં સોફાસેટ અને ફર્નિચર દક્ષિણ અને પશ્ચિમની દીવાલને અડાડીને રાખવું જોઈએ.

૩) ડ્રોઈંગ રૂમના મધ્યમાં વજન મૂકવું જોઈએ નહીં.

૪) ડ્રોઈંગ રૂમમાં જો ફુવારો રાખવો હોય તો તેને ઈશાન ખૂણામાં રાખવો. જો ફુવારો ઈશાન દિશામાં રાખવામાં ન આવે તો કંઈક ને કંઈક તકલીફોનો સામનો કરવો પડે છે.

૫) ડ્રોઈંગ રૂમમાં વચ્ચમાં બીમ આવવો ન જોઈએ તેમ જ બીમની નીચે બેસવું ન જોઈએ. આ રીતનો બીમ બીજા માનસિક તણાવ ઉત્પન્ન કરે.

૬) કાચના શો-પીસ પૂર્વ કે ઉત્તર દિશાની દીવાલમાં લગાડવા જોઈએ.

૭) ડ્રોઈંગ રૂમમાં ઘડિયાળ ઉત્તર અથવા પૂર્વની દીવાલ પર લગાડવી જોઈએ.

૮) ડ્રોઈંગ રૂમમાં પડદાઓ લાલ રંગના રાખવા જોઈએ નહીં. લાલ રંગના પડદાઓ ઝઘડાઓ તેમ જ વાદવિવાદ સર્જે છે અને ઘરમાં અશાંતિનું વાતાવરણ જોવા મળે છે. પડદાઓ પિસ્તા અથવા આછા વાદળી રંગના રાખવા.

૯) ટી.વી.ને અગ્નિ ખૂણામાં રાખવું. તેનું મુખ ઉત્તર દિશા અથવા પશ્ચિમ દિશામાં રહે તેમ ગોઠવવું.

૧૧) ડ્રોઈંગ રૂમમાં પ્રવેશ પૂર્વ અથવા ઉત્તર દિશામાં રાખવો જોઈએ.

૧૨) ડ્રોઈંગ રૂમનો દરવાજો બીજા ઘરના દરવાજાઓ કરતાં મોટો હોવો જોઈએ અને સુશોભિત બનાવડાવવો જોઈએ.

૧૩) ડ્રોઈંગ રૂમનો દરવાજો અંદરની બાજુ ખૂલે તેમ હોવો જોઈએ. એ ઘડિયાળના કાંટાની જેમ ખૂલતો રાખવો.

-સાભાર

જેજેસી - અમૃતનગર દ્વારા આયોજિત અન્ડરઆર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ ઉત્સાહપૂર્વક સંપન્ન

જેજેસી-અમૃતનગર દ્વારા વિવિધ કાર્યક્રમોની હારમાળામાં વન-ડે પિકનિક, નાટક અને સિઝનને અનુરૂપ રસપૂરીના જમણવાર બાદ મેમ્બરો માટે 'જેજેસી-અમૃતનગર અન્ડરઆર્મ ક્રિકેટ ટૂર્નામેન્ટ'નું રવિવાર, તા. ૨૪ એપ્રિલના આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટરના આગ્રહભર્યા આમંત્રણને માન આપીને જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના ચૅરમૅન જિતેન્દ્ર કોઠારીએ વિશેષ રીતે ઉપસ્થિત રહી આયોજકો અને રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

જબરજસ્ત ઉત્સાહપૂર્વક પૂર્ણ થયેલ આ ટૂર્નામેન્ટમાં સેન્ટરના પુરુષોની કુલ ૧૩ ટીમ તથા મહિલાઓની કુલ ૪, દરેક ટીમમાં ૮-૮ સભ્યો સહભાગી થયા હતા.

પુરુષોની ટૂર્નામેન્ટમાં જેજેસી ચેલેન્જર્સ સ્પર્ધા જીતી ગઈ હતી જ્યારે જેજેસી હરીકેન્સ રનરઅપ રહી હતી.

જ્યારે મહિલાઓમાં જેજેસી એન્જલ્સ વિનર અને જેજેસી ક્વીન્સ રનરઅપ રહી હતી.

સંપૂર્ણ આયોજન માટે કમિટી મેમ્બરો અનિલ દોશી, પ્રાણભાઈ મહેતા, અશ્વિન પારેખ, અરવિંદ શાહ, ચેતન ચભાડિયા, ચેતન શાહ, રાજેન મહેતા, સુકેતુ ડેલીવાલા, નરેન્દ્ર ડેલીવાલા, કલ્પેશ સલોત, મુકેશ ગાંધી, સુનીલ શાહ, વિનોદ મહેતાએ સિંહફાળો આપ્યો હતો.

વિનર ટીમ જેજેસી ચેલેન્જર્સને અપાયેલ રૂા. ૮૦૦૦ના રોકડ ઈનામમાં ટીમે રૂા. ૩૦૦૦ ઉમેરીને રૂા. ૧૧,૦૦૦ જેજેસી ઍજ્યુકેશન ચૅરિટેબલ ટ્રસ્ટ-ઍજ્યુકેશન પ્રોજેક્ટ માટે પરત કરેલ, જ્યારે જેજેસી હરીકેન્સને ઈનામરૂપે અપાયેલ રૂા. ૪૦૦૦માં રૂા. ૧૦૦૦ ઉમેરી રૂા. ૫૦૦૦ ઍજ્યુકેશન પ્રોજેક્ટ માટે પરત આપવામાં આવ્યા હતા.

આર સિટી મૉલની ટેરેસ પર યોજાયેલ આ ટૂર્નામેન્ટમાં દરેક ટીમના પ્લેયર માટે ટી-શર્ટ સેન્ટર તરફથી આપવામાં આવ્યાં હતાં, જેના સ્પોન્સરર Kaavi Homes - દામશીભાઈ શાહ હતા. ક્રિકેટ દરમિયાન નાસ્તાની અને કોલ્ડ ડ્રિન્કસની વ્યવસ્થા Tiptopના ઉમેશભાઈ તથા રાત્રે Famous Savtra - ભગત તારાચંદમાં બનાવેલ ટેસ્ટી ડીનર બૉક્સ આપવામાં આવ્યાં હતાં અને સંપૂર્ણ આયોજનનો ૫૭૦ લોકોએ લાભ લીધો હતો.

JAGRUTI SANDESH MAGAZINE RATE & SIZE

Page	Commercial Advertising Rate	Matrimonial Advertising Rate	Size
Quarter Page (Black & White)	2000	1000	height 11 cm & width 8.5 cm
Half Page (Black & White)	3000	2000	**Vertical** - height 22 cm & width 8.5 cm
			Horizental - height 12 cm & width 18 cm
Full Page (Black & White)	5000	4000	height 22 cm & width 18 cm
Full Page (Color)	9000	7000	height 22 cm & width 18 cm
Inside Full Page (Color)	12000	10000	height 22 cm & width 18 cm
Last Cover Page (Color)	15000	15000	height 22 cm & width 18 cm

Important Notes :

Advertising Rates can be changed without any prior notice .

Above Rates are valid till 01-01-2016 to 31-12-2016 .

Advertising will be given to us as Corol Draw Open file , Font CC

સ્ત્રીદાક્ષિણ્યના દુકાળને કારણે મહિલાઓ પરના અત્યાચારો વધી રહ્યા છે

અમેરિકામાં આજકાલ 'મૅનર્સ ફૉર મૅન' નામનું પુસ્તક હોટ કેકની જેમ વેચાઈ રહ્યું છે. આ પુસ્તક એકવીસમી સદીમાં સ્ત્રીદાક્ષિણ્યની ગાઈડ જેવું છે. આ પુસ્તકમાં પ્રેમિકાથી લઈ પત્નીની અને બૉસથી લઈ કર્મચારીની ભૂમિકા ભજવતી સ્ત્રી સાથે કેવી રીતે પેશ આવવું તેની અત્યંત પ્રૅક્ટિકલ અને રસપ્રદ શિખામણો આપવામાં આવી છે. આજની સ્ત્રી આર્થિક રીતે પગભર બની છે, તેને કારણે મોટું પરિવર્તન એ આવ્યું છે કે સ્ત્રીઓ હવે દરેક બાબતમાં પુરુષ પર અગાઉ જેટલી નિર્ભર નથી રહી. આ કારણે હવે તે પુરુષની દાસી બની રહેવાને બદલે તેની સાથે આંખમાં આંખ મિલાવીને વાત કરી શકે છે. આ કારણે મેલ ઈગો હર્ટ થાય છે અને પુરુષો સ્ત્રીની સાથે જેવા સાથે તેવા બનવાનો સંકલ્પ કરે છે. સ્ત્રી સ્વતંત્ર બની જાય કે તેનો આત્મવિશ્વાસ વધી જાય તેને કારણે પુરુષને તેને ઉતારી પાડવાનું કે તેની સાથે તોછડાઈથી વર્તવાનું લાઈસન્સ મળી જતું નથી.

ઘણા લોકો કહે છે કે સ્ત્રીસ્વાતંત્ર્યના અતિરેકને કારણે સ્ત્રીઓ પરના અત્યાચારો વધી રહ્યા છે. આ ધારણા ગલત છે. સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળે એટલે પુરુષજાતને તેના પર અત્યાચાર ગુજારવાનો પરવાનો મળી નથી જતો. આજના કાળમાં સ્ત્રીઓ પરના અત્યાચારો વધી રહ્યા છે, કારણકે પુરુષોમાં સ્ત્રીદાક્ષિણ્યનો દુકાળ પેદા થયો છે અને તેઓ સ્ત્રીને 'સેક્સ ઑબ્જેક્ટ' સમજે છે.

પ્રાચીનકાળમાં થઈ ગયેલા એક રાજાએ પોતાના રાજ્યના બધા વિદ્વાનોને ભેગા કર્યા અને તેમની સામે એક પડકાર રજૂ કર્યો. રાજાએ કહ્યું કે, ''મને સમગ્ર ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર અને કામશાસ્ત્રનો સાર માત્ર એકએક વાક્યમાં જ જોઈએ છે.'' આ સાર તૈયાર કરવાનું કાર્ય દરેક વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવ્યું. ધર્મશાસ્ત્રના નિષ્ણાતે કહ્યું, ''પરોપકાર જેવો બીજો કોઈ ધર્મ નથી. એ ધર્મશાસ્ત્રનો સાર છે.'' અર્થશાસ્ત્રના નિષ્ણાતે કહ્યું, ''પૈસાની બાબતમાં કોઈની પર વિશ્વાસ ન મૂકવો એ અર્થશાસ્ત્રનો સાર છે.'' આરોગ્યશાસ્ત્રના નિષ્ણાતે કહ્યું, ''ભૂખ ન લાગી હોય ત્યારે ભોજન ન કરવું એ આરોગ્યશાસ્ત્રનો સાર છે.'' કામશાસ્ત્રના નિષ્ણાતે કહ્યું, ''સ્ત્રીઓ સાથે ઋજુતાથી વર્તવું એ સમગ્ર કામશાસ્ત્રનો સાર છે.''

આજના પુરુષો કદાચ વિચારતા હશે કે હવે તો એકવીસમી સદીમાં સ્ત્રી પુરુષસમોવડી થઈ ગઈ છે, માટે તેમની સાથે ઋજુતાથી વર્તવાની જરૂર નથી, તો તેઓ ગંભીર ભૂલ કરે છે. સ્ત્રી અઢારમી સદીની હોય કે એકવીસમી સદીની, સ્ત્રી આખરે સ્ત્રી જ હોય છે. કોઈ પણ સ્ત્રીને પુરુષ તેની સાથે તિરસ્કારથી કે ઉપેક્ષાથી વર્તે તે ગમતું નથી. આજે આપણા સમાજમાં નારીઓ પર અત્યાચારો થાય છે તેના મૂળમાં સ્ત્રીઓ સાથેના વર્તનમાં ઋજુતાનો અભાવ જ કારણભૂત હોય છે. પુરુષ જો પોતાની પત્ની સાથે ઋજુતાથી વર્તવાનું શીખી લે તો લગ્નજીવનના મોટા ભાગના ઝઘડાઓ ટાળી શકાય તેવા હોય છે. જે સ્ત્રીઓ પુરુષને આધીન હોય અને લજ્જાશીલ હોય તેમને જ દાક્ષિણ્યની જરૂર હોય છે તેવું પણ નથી. એકવીસમી સદીની સ્વતંત્ર, બુદ્ધિશાળી અને આર્થિક રીતે પગભર સ્ત્રીઓ પણ પુરુષો પાસેથી દાક્ષિણ્યની અપેક્ષા રાખે છે. જે પુરુષો આ રહસ્ય સમજી શકે છે, તેઓ સ્ત્રીઓ સાથેના સંબંધોમાં સફળ થાય છે. સ્ત્રીદાક્ષિણ્ય આજના આધુનિક કાળમાં પણ એટલું જ પ્રસ્તુત છે, જેટલું પ્રાચીનકાળમાં હતું.

આજની સંવેદનશીલ નારીઓની ફરિયાદ છે કે હવે પુરુષોમાં સ્ત્રીદાક્ષિણ્ય ઘટી રહ્યું છે અને આ ફરિયાદને પુરુષોએ ગંભીરતાથી લેવી જોઈએ. જૂના જમાનાના પુરુષો સ્ત્રીઓ માટે કારનો દરવાજો ખોલી આપે તે સ્ત્રીઓને ગમતું હતું. આજના જમાનામાં પણ ગમે છે. જૂના જમાનાની સ્ત્રીઓને પુરુષો તેમની પર ખૂબ ધ્યાન આપે અને તેમને ભારે મહત્ત્વ આપે તે ગમતું હતું; આજના જમાનાની સ્ત્રીને પણ ગમે છે. આ સ્ત્રી મલ્ટીનૅશનલ કંપનીની મૅનેજિંગ ડાયરેક્ટર હોય કે ફૂટપાથ પર શાકભાજી વેચતી સ્ત્રી હોય; પુરુષો પાસેથી તે હંમેશાં સલૂકાઈભર્યા વર્તનની અપેક્ષા રાખે છે અને પુરુષ તોછડાઈથી વર્તે ત્યારે તે હર્ટ થઈ જાય છે. કોઈ પણ ઉંમરની, કોઈ પણ હોદ્દા પર રહેલી, કોઈ પણ શૈક્ષણિક કે આર્થિક સ્તર ધરાવતી સ્ત્રીને તેની સાથે ઋજુતાથી

વર્તતા પુરુષો ગમે છે અને તોછડાઈથી વર્તતા પુરુષો નથી ગમતા. દુનિયાના દરેક પુરુષે આ સર્વકાલીન સત્યને સમજી લેવાની જરૂર છે. અભણ સ્ત્રીને પુરુષ પાસેથી સદ્વર્તનની જેટલી અપેક્ષા હોય છે તેવી જ અપેક્ષા ભણેલીગણેલી સ્ત્રી પણ રાખતી હોય છે.

આજના પુરુષોમાં સ્ત્રીદાક્ષિણ્યનો અભાવ પેદા થયો છે, તેના માટે કંઈક અંશે સ્ત્રીઓમાં ફેમિનિઝમની ભાવનાનો થયેલો અતિરેક પણ જવાબદાર છે. આ લખનારે એવી મહિલાઓ પણ જોઈ છે, જેમને માટે દરવાજો ખોલી આપવામાં આવે તોપણ તેઓ તેમાંથી પહેલા જવાનો ધરાર ઈનકાર કરી પુરુષને ક્ષોભભરી સ્થિતિમાં મૂકી દેતી હોય છે. અત્યંત ભીડભરેલી બસમાં પુરુષ કોઈ સ્ત્રી માટે પોતાની બેઠક ખાલી કરી આપે ત્યારે પોતાને ફેમિનિસ્ટ ગણાવતી સ્ત્રી 'થેન્ક યુ' કહીને આ બેઠક ગ્રહણ કરવાને બદલે 'નો થેન્ક યુ' કહીને ઊભા જ રહેવાનું પસંદ કરે ત્યારે મેલ ઈગો હર્ટ થાય છે અને પુરુષો ભવિષ્યમાં ક્યારેય સ્ત્રીદાક્ષિણ્યનું પ્રદર્શન ન કરવાની મનોમન ગાંઠ વાળે છે. સમજદાર મહિલા કાઉન્સેલરો કહે છે કે, પુરુષો તરફથી આવી નાનીનાની ફેવર લેવાથી સ્ત્રીનું સ્વાભિમાન જરાય હણાઈ નથી જતું, પણ તેનાથી તેઓ પુરુષની પણ ઈજ્જત કરે છે. સ્ત્રીદાક્ષિણ્યનો સ્વીકાર ન કરનારી સ્ત્રીઓ હકીકતમાં પુરુષજાતનું અપમાન કરે છે અને તેને સ્ત્રી પર બદલો લેવા ઉત્તેજિત કરે છે.

સ્ત્રીજાતિ સાથે રહેવાના હજારો-લાખો વર્ષોના અનુભવો પછી પણ આજના મોટા ભાગના પુરુષોને એ વાતની જાણ નથી કે સ્ત્રીને હકીકતમાં શું ગમે છે અને તેને કેવી રીતે ખુશ રાખી શકાય? એક જાણીતાં મહિલા સામયિકે આ સવાલ કેટલીક બુદ્ધિશાળી મહિલાઓને પૂછ્યો હતો. તેના જવાબમાં જે જાણવા મળ્યું તે વાક્યો દરેક પુરુષે પોતાના વૉર્ડરોબમાં મઢાવીને રાખવા જેવા છે: 'સ્ત્રીઓને સંવેદનશીલ પુરુષો ગમે છે, સ્ત્રીને સતત તેની પર ધ્યાન આપે અને તેની પ્રશંસા કરે તેવા પુરુષો વધુ ગમે છે. સ્ત્રીને ઓછું બોલે, પણ વધુ સાંભળે તેવા પુરુષો ગમે છે. સ્ત્રીને બોલબોલ કરવાની આદત હોય છે માટે તેને સારા શ્રોતા પુરુષો વધુ ગમે છે. સ્ત્રીને તેનું વાતવાતમાં અપમાન કરે અને તેને ઉતારી પાડે તેવા પુરુષો જરાય નથી ગમતા, પણ તેનું સન્માન જાળવે અને તેને મહત્ત્વ આપે તેવા પુરુષો જ ગમે છે.''

સ્ત્રીને ભૌતિક ચીજવસ્તુઓ ગમે છે, પણ તેનાથી પણ વધુ ઝંખના કોઈ તેનું મહત્ત્વ સમજે અને સ્વીકારે તેની હોય છે. જે પુરુષો સ્ત્રીઓની ખોટી વાતોનો પણ વિરોધ ન કરે અને તેમને સતત લાડપ્યાર કર્યા કરે તેઓ સ્ત્રીઓને વધુ પ્રિય બને છે. જે પુરુષો સ્ત્રીની સતત ઝંખના કરતા હોય તેવા પુરુષો સ્ત્રીને વધુ ગમે છે. સ્ત્રીઓ સતત અસલામતીથી પીડાતી હોય છે. પુરુષે તેને સતત અહેસાસ કરાવતા રહેવું પડે છે કે તેને સ્ત્રીની જરૂર છે અને તે સ્ત્રીને સતત ઝંખે છે. સ્ત્રી માટે આનાથી વધુ સુખ ઉપજાવનારી બીજી કોઈ બાબત નથી. સ્ત્રીને ઈમાનદાર અને વફાદાર પુરુષો ગમે છે. છેતરપિંડી કરતાં પુરુષોને ધિક્કારે છે. પોતાની ભૂલ હોય તોપણ ઠપકો ન આપતા, પણ પ્રેમથી સમજાવતા પુરુષો સ્ત્રીઓને વધુ પસંદ પડે છે. આ વાતનો સાર એટલો છે કે સ્ત્રીઓને ઋજુતાથી ન વર્તતા પુરુષો પસંદ પડતા નથી.

આજના મોટા ભાગના પુરુષો સ્ત્રીઓ સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ કળા ભૂલી ગયા છે. અમેરિકાના પુરુષો માટેનું 'મૅનર્સ ફૉર મૅન' પુસ્તક જેમ બેસ્ટસેલર પુરવાર થયું છે, તેમ કોઈકે ભારતના પુરુષોને મૅનર્સ શિખવાડતું પુસ્તક લખવાની જરૂર છે. તેમાં તેઓ પોતાની સાથે રહેતી કે કામ કરતી સ્ત્રીઓની મદદ જરૂર લઈ શકે છે. આજના યુગમાં પુરુષ માટે કરોડપતિ બનવું અને પોતાની પત્નીનાં ચરણોમાં બધી દોલત ઠાલવી દેવાનું આસાન છે, પણ તેમ કરવાથી સ્ત્રી સુખી બની જશે તે માનવામાં મોટી ભૂલ છે.

સ્ત્રી દોલતની ભૂખી નથી હોતી તેવું નથી, પણ દોલત કરતાં સ્વમાનની અને સ્વીકૃતિની ભૂખ વધુ પ્રબળ હોય છે. ધનદોલત અને સન્માન એ બેમાંથી એક ચીજ પસંદ કરવાની હોય ત્યારે સ્ત્રી ધનદોલતને ઠુકરાવીને પણ સન્માનને પસંદ કરશે. આ બંને મળતાં હોય તો સ્ત્રી પોતે સ્વર્ગમાં વિહરતી હોવાનો અનુભવ કરે છે અને આ મેળવી આપનાર પુરુષને પણ સ્વર્ગના સુખનો અનુભવ કરાવે છે. જો પુરુષો પોતાની સાથે રહેલી સ્ત્રીને સન્માન પ્રદાન ન કરી શકતા હોય તો તેમની જિંદગી નરક જેવી બની જાય છે. સ્ત્રીઓનું જ્યાં સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે એ વાત કહેતી વખતે એ વાત પણ યાદ રાખવી જોઈએ કે જ્યાં સ્ત્રીઓનું અપમાન થાય છે ત્યાં દાનવોનો વાસ હોય છે. આપણે દેવ બનવું કે દાનવ તેનો નિર્ણય આજના પુરુષોએ કરી લેવો જોઈએ. તેના પરથી પૃથ્વીને સ્વર્ગ અથવા નર્ક બનાવી શકાશે.

આભાર - કે. સી. મહારાજસાહેબ (પ્રેમસુબોધ-જાગૃતિ)

ના કહેવાની અણગમતી ફરજ બજાવવાની પણ હિમ્મત કેળવવી જોઈએ

■ તરુ કજારિયા

જે વસ્તુ આપણે કરી જ નથી શકવાના એ માટે હા કહીને આપણે પહેલા સામી વ્યક્તિને અપેક્ષા જગાવીએ છીએ અને પછી એ પૂરી ન કરી શકીએ એટલે એનો અપેક્ષાભંગ કરીએ છીએ.

''તમારી સૌથી મોટી નબળાઈ કઈ ?'' આ સવાલ એક મહાન લેખકને પૂછવામાં આવ્યો હતો ત્યારે તેમણે જવાબ આપેલોઃ હું કોઈને ના નથી કહી શકતો.

એ મૃદુ સ્વભાવના મહાશયની પાસે કોઈ મદદની અપેક્ષાએ જાય કે તેમના સર્કલમાં નોકરી અપાવવાની વિનંતી લઈને જાય, તો કોઈ વળી પત્ર લખે કે થોડા સમય માટે મારો દીકરો ત્યાં અભ્યાસ કરવા માટે આવવાનો છે તો તેને રહેવાની સગવડ કરી આપશો તો મોટી મહેરબાની થશે. આવી તો જાતજાતની માગણી કરતી રિક્વેસ્ટ આવે તેમની પાસે અને આર્થિક દૃષ્ટિએ કોઈ પણ મિડલ ક્લાસને ન પરવડે એવી માગણીઓ હોય, તેમ છતાં તેઓ ના ન કહી શકે. 'જોઈએ, હું ટ્રાય કરીશ, ચોક્કસ ટ્રાય કરીશ' આવા જવાબો આપે. પછી તેમના માથા પર ટેન્શન ઊભું થાય. પોતાનાં પ્રોફેશનલ કમિટમેન્ટ્સ વચ્ચેથી સમય કાઢીને તેઓ પેલા કહેવાતા સ્વજનો-મિત્રોની માગણીઓ પૂરી કરવા માટે પ્રયાસ કરતા રહે.

પોતાને માટે કદી કોઈ પાસે હાથ નહીં ફેલાવનાર એ સજ્જનનું મન પોતાના સંપર્કોનો ઉપયોગ કરતાં કોચવાય એ સ્વાભાવિક હતું. એમ છતાં તેઓ પેલા લોકો માટે એ પણ કરતા અને આ બધા છતાં તેઓ સફળ ન થાય ત્યારે તેમનું ટેન્શન ખૂબ જ વધી જાય અને ક્યારેક એને કારણે તેમને બ્લડ-પ્રેસરની સમસ્યા ઊભી થઈ જતી. આ બધાને કારણે તેમના પરિવારજનો તેમને ઘણી વાર સમજાવતા કે ગજા ઉપરવટની જવાબદારીઓ તમે શા માટે માથે લો છો ?

આ 'ગજા ઉપરવટ' એ આપણો જૂનો ગુજરાતી શબ્દપ્રયોગ છે. બહુ મહત્ત્વની વાત બે શબ્દોમાં કહી દેવાય છે. ગજું એટલે કે ત્રેવડ, કૅપેસિટી, શક્તિ. માણસ જ્યારે પોતાનામાં જે કરવાની શક્તિ ન હોય એ કામ કરવાની જવાબદારી માથે લઈ લે પછી કેવી હાલત થાય છે? 'મરે નહીં તોય માંદો થાય.'

એ સજ્જનની દીકરી પપ્પાને હંમેશાં કહેતી કે પપ્પા, તમે ના પાડતા શીખશો એ દિવસથી તમારું મોટા ભાગનું ટેન્શન અને બીમારી પણ ટળી જશે.

હમણાં થોડા સમયથી સીરિયાથી ભાગી રહેલા રેફ્યુજીઓનાં ટોળેટોળાં યુરોપના દેશો તરફ જઈ રહ્યાં છે. દરિયાઈ માર્ગે જતા અનેક રેફ્યુજીઓ ડૂબી પણ ગયા છે. આમ જ ડૂબી ગયેલા એક નાનકડા બાળકની તસવીરે પૂરી દુનિયાને હલાવી દીધી હતી. હકીકતમાં છેલ્લાં ચારેક વર્ષથી સીરિયામાં ચાલતા સરકાર, વિપક્ષ અને કટ્ટરપંથી ઈસ્લામી જૂથના ઘર્ષણમાં અત્યાર સુધીમાં વીસેક લાખ લોકોનાં મોત થયાં છે. આવી ભયંકર અશાંતિમાંથી ત્યાંના લોકો ભાગી રહ્યા છે અને યુરોપના દેશોમાં આશ્રય લઈ રહ્યા છે. આમ જર્મની, ફ્રાન્સ, બ્રિટન, હંગેરી તથા યુરોપના અન્ય દેશોમાં લાખો નિરાશ્રિતો ઑલરેડી પહોંચી ગયા છે, પરંતુ હવે વધુ નિરાશ્રિતોને પોતાના દેશમાં લેવાની આ દેશોની પણ શક્તિ નથી. એથી ઘણા દેશોએ પોતાની સરહદો પાસે કડક પહેરો ગોઠવી દીધો છે અને ગેરકાનૂની રીતે પ્રવેશતા નિરાશ્રિતોને અંદર પ્રવેશતા અટકાવ્યા છે.

આ ઘટનાઓ સંદર્ભે દુનિયામાં ઘણી ચર્ચાઓ ઊપડી છે. માનવતાવાદી અભિગમ ધરાવતાં સંગઠનો અને કેટલાક બૌદ્ધિકો કહે છે કે આ બધી સરહદો તો માણસે બનાવી છે.

યુરોપના દેશોએ નિરાશ્રિતોને આશરો આપવો જ જોઇએ એવી અનેક દલીલો તેઓ કરી રહ્યા છે, પરંતુ જે દેશો નિરાશ્રિતોને પ્રવેશ નથી આપતા એ કંઇ હકીકતમાં ખરાબ દેશો નથી. તેમનામાં પણ માણસાઈ છે, પરંતુ નિરાશ્રિતોને આશરો આપીને તેઓ પોતાના દેશમાં સમસ્યા ઊભી કરવા નથી માગતા. હંગેરીએ તો સ્પષ્ટ કહ્યું કે આ નિરાશ્રિતો અને અમારા દેશના લોકો વચ્ચે આગળ જતાં ઘર્ષણ અને અશાંતિ થાય એવું અમે નથી ઈચ્છતા, એટલે અમે તેમને આશરો નહીં આપી શકીએ. પોતાના દેશની સ્થિતિ સમજીને જે વસ્તુ તેમના ગજા બહારની છે એની જવાબદારી માથે લેવાની ચોખ્ખી ના એ પાડી શક્યા છે. અત્યારે દયા અને શરમના માર્યા નિરાશ્રિતોને લઈ લે અને આગળ જતાં તેમને કારણે પોતાના દેશમાં ધર્મ કે જાતિના નામે હુલ્લડો ફાટી નીકળે એવું તેઓ નથી ઈચ્છતા એટલે મક્કમ થઈને 'ના' પાડી દીધી છે. અત્યારે દુનિયાના મંચ પર તેમની ટીકા પણ થઈ રહી છે. આમ છતાં પોતાના દેશની જનતાના હિતમાં તેમણે એ અળખામણો નિર્ણય કરવો પડ્યો છે.

વ્યક્તિગત ધોરણે આપણે 'ના' કહેવાની હિંમત નથી દાખવી શકતા એટલે કે ના કહેવી જરૂરી હોય ત્યારે ડરના માર્યા કે શરમ-સંકોચથી મૂગા થઈ જઈએ છીએ એને પરિણામે વધારાનું ટેન્શન મોલી લઈએ છીએ. જે વસ્તુ આપણે કરી નથી શકવાના એ માટે હા કહીને આપણે પહેલાં સામી વ્યક્તિના મનમાં અપેક્ષા જગાવીએ છીએ અને પછી એ પૂરી ન કરી શકીએ એટલે એનો અપેક્ષાભંગ કરીએ છીએ. આમાં સરવાળે કોઇને લાભ નથી થતો. સામી વ્યક્તિને તમારામાંથી ભરોસો ઊઠી જાય છે અને તમારી છાપ બોલ બચ્ચન કે અનરિલાયેબલ તરીકેની થઈ જાય છે એ વધારામાં. આના કરતાં પહેલેથી જ સ્પષ્ટ અને નિખાલસ રહ્યા હો તો આવી બધી પરિસ્થિતિઓ ખાળી શકાય.

એક મિત્ર મોટી સંસ્થામાં કામ કરે છે. લોકો તેમની પાસે જાતજાતની અપેક્ષાઓ અને વિનંતીઓ લઈને જાય. પેલા મિત્રને ખબર છે કે સંસ્થામાં તેમની એવી કોઈ પહોંચ નથી. તેઓ પોતાની પાસે આવનારી વ્યક્તિઓને સ્પષ્ટ કહી દે કે ભાઈ, મારી કોઈ વગ નથી તો હું તમને કંઈ મદદ નહીં કરી શકું. લોકોને બે ઘડી થાય કે અમારું કામ ન કર્યું, પરંતુ પછી સમજાઈ જાય કે ખોટી આશા આપીને લટકાવવા કરતાં સીધી ના પાડી દીધી એ સારું. જોકે, એ મિત્રની સિન્સિયારિટી વિશે શંકા કરી શકાય એવું બિલકુલ નથી એટલે પણ તેમની વાતનો લોકો વિશ્વાસ કરે છે. ટૂંકમાં 'ના' કહેવાની અણગમતી ફરજ બજાવવાની હિમ્મત કરીને કેટલાય સંબંધોમાં ભવિષ્યમાં ખારાશ કે કડવાશ ઘોળાતી અટકાવી શકાય છે.

JJC Rajwadi

C/o.Shop No.23, Morar Baug,60 Feet Road,Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai-400 077,Email: rajwadisagpan@gmail.com

રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ ડિવોર્સી લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે... અમારી સંસ્થા પાસે ડિવોર્સી લગ્નોત્સુક યુવક-યુવતીના ઘણા Bio-Data આવ્યા છે. આપને આપની પસંદગી મળે એવી કોશિષ રજવાડી ગ્રુપનો હેતુ છે. તે માટે આપે પ્રત્યક્ષ આવવાની જરૂર નથી પરંતુ આપનો બાયોડેટા ઇ-મેલ દ્વારા rajwadisagpan@gmail.com પર મોકલશો, તેથી અમે પણ આપને ઇ-મેલ કરી શકીએ. આ સેવા તદ્દન નિઃશુલ્ક છે, આની કોઇ પણ ફી ભરવાની રહેશે નહીં.

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઇ ગઇ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઇ આવે છે...અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઇ મેઇલ આઇડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફિસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

અમારા ગ્રુપમાં નામ નોંધાવવા

1) યુવક/યુવતીના ત્રણ ફોટો/ બાયોડેટા 2) રજિસ્ટ્રેશન ફી રૂ. 500/-ભરવાની રહેશે.

Advt.

સમય: સવારે 11.00 થી 4.00, સોમવાર થી શનિવાર Contact :Anitaben - 9930334628 , Surabhiben - 7506363696, Office - 022-21025090

જેજેસી-દહિસર લેડીઝ વિંગ-૧૬૫મા સેન્ટરનો ઉદ્‌ઘાટન સમારોહ

જેજેસી-લેડીઝ વિંગ દહિસરના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરતાં ચૅરમૅન શ્રી સંજય બી. શાહ, ટ્રસ્ટના ચૅરમૅન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી, સેન્ટ્રલ બૉર્ડના આઈ.પી. ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયા, સેન્ટ્રલ બૉર્ડના વાઈસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લભાઈ કામદાર, શ્રી અનિલભાઈ દોશી, શ્રી અમિતભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ, જેજેસી લેડીઝ વિંગ દહિસરનાં પ્રમુખ શ્રીમતી સેજલબેન સંજય શાહ તથા ઉપપ્રમુખ શ્રીમતી અલ્પાબેન રામભાઈ સોલંકી.

જેજેસી-લેડીઝ વિંગ દહિસર સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બૉર્ડના ચૅરમૅન શ્રી સંજયભાઈ શાહના હસ્તે પ્રમુખ શ્રીમતી સેજલબેન, અલ્પાબેન, હેમલતાબેન, પ્રજ્ઞાબેન,ભાવનાબેન, ભાવિકાબેન, પિંકીબેન તથા પ્રીતિબેને શપથ ગ્રહણ કર્યા હતા.

વર્ષ ૨૦૧૬ની ઍજ્યુકેશન અપીલની શરૂઆતને જેજેસી-જુહુનો પ્રચંડ પ્રતિસાદ

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના ચૅરમૅન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી તથા જેજેસી-જુહુ સેન્ટરના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતા સાથે સર્વશ્રી રમેશભાઈ મોરબિયા, પ્રવીણભાઈ શાહ, કિરણભાઈ શાહ, પ્રફુલ્લભાઈ કામદાર, કિશોરભાઈ શેઠ, ઉદયભાઈ સંઘવી, અનિલભાઈ દોશી, રાજેશભાઈ ગાંધી, રાજેશભાઈ ભણશાલી, રમેશભાઈ સંઘવી, ચંદ્રકાંતભાઈ શાહ, મહેન્દ્રભાઈ શાહ તથા કિશોરભાઈ શાહ

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી - ૨૦૧૬-૧૭

Jitendra S. Kothari
Chairman



Kishor N. Shah
I. P. Chairman

Ramesh J. Morbia
Vice-Chairman

Sanjay B. Shah
Vice-Chairman

Praful V. Kamdar
Secretary

Amit D. Kothari
Secretary

Hasmukh K. Dedhia
Treasurer

Pravin G. Shah
Donor Trustee

Kamlesh C. Shah
Donor Trustee

Harshad J. Gandhi
Permanent Trustee



Anil G. Doshi
Trustee

Kishor S. Sheth
Trustee

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી - ૨૦૧૬-૧૭

Rajesh C. Gandhi
Trustee

Nitin M. Sanghvi
Trustee

Jayanti K. Chhadva
Trustee

Rasik N. Kothari
Trustee

Shailesh D. Shah
Trustee

Rajesh R. Bhansali
Trustee

Dharmesh S. Jain
Trustee

Rahul M. Timbadia
Trustee

Chandrakant F. Shah
Trustee

Dinesh V. Shah
Invitee

Kiran H. Shah
Invitee

SHREE VERAVAL MAHAJAN PANJRAPOLE

MUMBAI (Contact) Office :
C/o. AMILAL G. SHAH
Sheetal Sadan, 2nd Floor,
75, Bazargate Street, Fort,
MUMBAI - 400 001. (INDIA)
Phone : (022) 2261 7070

જીવદયા સજ્જનોની કુળદેવી છે

Registered Office :
શ્રી વેરાવળ મહાજન પાંજરાપોળ
બ્રહ્મકુંડની પાછળ, સબાના સ્કૂલની સામે,
વેરાવળ -૩૬૨૨૬૫. (સૌરાષ્ટ્ર - ગુજરાત)
ફોન (૦૨૮૭૬) ૨૨૦૨૭૨

Trust Regn. No. F 38 - Junagadh • Society Regn. No. Guj/12/1960/S • PAN : AAATV1407C

આદરણીય જીવદયા પ્રેમીશ્રી,

શ્રી વેરાવળ મહાજન પાંજરાપોળ છેલ્લા ઘણાં વર્ષોથી કાર્યરર્ત છે. સંસ્થામાં વૃદ્ધ, અશક્ત્ત, અપંગ તથા કેન્સરવાળા (કંબોડા) પશુઓની સારસંભાળ અને માવજત કરવામાં આવે છે. સંસ્થામાં આશ્રય લઈ રહેલ પશુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને હાલની મોંઘવારી વચ્ચે સંસ્થાની આવકના સાધનો ટુંકા પડે છે. પશુઓ માટે ઘાસચારો, દવા તથા સંસ્થાના વહીવટી ખર્ચને પહોંચી વળવા શ્રી સંઘો તથા ઉદારદિલ દાતાઓને દાન આપવા નમ્ર વિનંતી કરીએ છીએ. આપના પ્રસંગને અનુરૂપ યથાશકિત દાન મોકલવા સંસ્થાની નીચે જણાવેલ વિવિવધ સ્કીમમાં લાભ લેશો એવી નમ્ર વિનંતી છે.

પાંજરાપોળ વિકાસ ફંડ

જીવદયારત્ન : રૂા. ૧,૫૧,૧૧/-
જીવદયા મોભી : રૂા. ૧,૧૧,૧૧૧/-
જીવદયા પ્રેમી : રૂા. ૫૧,૧૧૧/-

આ લાભ લેનાર ભાગ્યશાળી શ્રી સદ્‌ગૃહસ્થ, શ્રી સંઘ તથા સંસ્થાકીય દાતાનું નામ બોર્ડ પર અંકિત કરવામાં આવશે.

પશુ નિભાવ ફંડ

રૂા. ૧૫,૧૧૧/- એક માસ દરમિયાન પશુઓની તબીબી સારવાર / દવા વગેરે.
આપશ્રીના આ દાનથી સંસ્થાના અબોલ અને બિમાર પશુઓને સ્વાસ્થ્ય પ્રદાન થતું રહેશે.
રૂા. ૧૧,૧૧૧/- ઘાસચારાની કાયમી તિથિ - દર વર્ષે યાદગાર તિથિએ બોર્ડ પર નામ લખવામાં આવશે.

રૂા. ૭,૧૧૧ પશુઓને મિષ્ટ ભોજન
રૂા. ૫,૧૧૧ પશુઓને ગોળ ખોળ કપાસીયા
રૂા. ૧,૧૧૧ પારેવાની ચણ

આપની ઈચ્છા મુજબ નક્કી કરેલ એક દિવસ ખવડાવવામાં આવશે અને તે દિવસે બોર્ડ પર નામ લખવામાં આવશે.

Please send your Donation In Cash or by Cheque In favour of "SHREE VERAVAL MAHAJAN PANJRAPOLE" at the above mentioned address.

સંસ્થાને અપાતું દાન ઈન્કમટેક્ષમાં ૮૦ જી (૫) હેઠળ બાદ મળે છે.

જે.જે.સી. જુહુ બિચ - સેક્રેટરી
ડોનેશન મોકલાવાનું સરનામુ શ્રી.કિર્તી કે. શાહ
૨૦૩, વેદ કબીર, ૯૫ / બી., ઇંન્દ્રનારાયણ ક્રાસ લેન, લોખંડવાલા ઑફીસ ની સામે,
સાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૫૪. મોબાઈલ નં. : ૯૩૨૩૦૪૧૬૫૩

આપ મહાનુભાવને નીચેના ટ્રસ્ટીઓને ડોનેશન માટે પણ સંપર્ક કરવા વિનંતી છે.

શ્રી ઇન્દ્રવદન રણછોડદાસ શાહ (મુંબઈ) : ૯૭૬૯૯૮૮૪૦૪
શ્રી નવિનભાઈ હીરજી શાહ (વેરાવળ) : ૦૯૭૨૬૯૩૯૩૯૩
શ્રી અમીલાલ ગુલાબચંદ શાહ (મુંબઈ) : ૯૮૧૯૦૩૮૫૫૭
શ્રી મયંક પ્રવિણચન્દ્ર શાહ (મુંબઈ) : ૯૮૨૧૦૯૪૬૬૫

Advt.

વ્યક્તિના વર્તનના નિયંત્રણના માર્ગો: સંસ્કાર, સમજણ અને સજા

■ પ્રા. બિંદુ મહેતા

આત્મા સાથે મનુષ્યના અનેક જન્મોના સંસ્કાર ચોંટેલા હોય છે. તે સંસ્કાર સાથે તે કોઈ ચોક્કસ પરિવારમાં જન્મ લે છે અને તે પરિવારના સંસ્કાર તેને રંગસૂત્રો દ્વારા જન્મતાંની સાથે પ્રાપ્ત થાય છે અને જન્મતાંની સાથે તેને જે વાતાવરણ મળે છે તેમાં માતા-પિતા, પરિવારજનો, આજુબાજુના લોકો દ્વારા તેનામાં સંસ્કારનું સિંચન થાય છે. આ સંસ્કારમાં સારા ગુણો પણ હોય ને ખરાબ પણ હોય. વ્યક્તિના જીવનઘડતરમાં સંસ્કારનું ઘણું મહત્ત્વ હોય છે. વ્યક્તિને પહેલા શ્વાસથી છેલ્લા શ્વાસ સુધી કેવું વર્તન ઉચિત છે અને કેવું વર્તન અનુચિત છે તેના પાઠ તેમ જ વિવેકબુદ્ધિ, ક્યા સમય-સંજોગોમાં કેવું વર્તન કરવું તેની જાણકારી આપવામાં આવે છે. સારા સંસ્કારમાં સાચું બોલવું, વિનયથી રહેવું, અન્યને સહાય કરવી, બધા પ્રત્યે સદ્‌ભાવના રાખવી, દયા, ભાવના, કરુણા, પ્રેમની ભાવના રાખવી, સ્વાવલંબી સાથે પરોપકારી બનવું, પોતાના હિત સાથે બીજાનું હિત પણ જોવું, કોઈનું પણ જાણતા-અજાણતા અહિત ન થાય તેનો વિચાર કરવો, બીજાની ભાવના સમજી તેનો સ્વીકાર કરવો, તેને ઠેસ ન પહોંચાડવી, જીવનમાં માનવતાવાદી વિચારસરણી રાખવી, કોઈ પણ જીવને વિનાકારણ નુકસાન ન પહોંચાડવું, જીવદયાની ભાવના રાખવી. વ્યક્તિની ઓળખ તેના સંસ્કારથી થાય છે. વ્યક્તિનાં વર્તન-વ્યવહાર દ્વારા તેના સંસ્કાર ક્યા પ્રકારના છે તે છતા થાય છે. સંસ્કાર દ્વારા વ્યક્તિ પોતાના વર્તનમાં નિયંત્રણ લાવે છે.

વ્યક્તિના વર્તનના નિયંત્રણ માટે સમજશક્તિ પણ બહુ જ મહત્ત્વની છે. ''સમજણના સેતુ તે જ ખરા સેતુ, બાકીના બધા રાહુ અને કેતુ''. એક વ્યક્તિના બીજી વ્યક્તિ સાથે સંબંધ બંધાય છે, તેમાં સમજણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વ્યક્તિના વર્તન સાથે તેની સમજણ સંકળાયેલી હોય છે. કોઈ પણ ઘટના-પરિસ્થિતિનું ઉચિત અર્થઘટન કરવું અને તે અર્થઘટન કર્યા પછી તે સમય-સંજોગોને ધ્યાનમાં રાખીને વર્તન કરવું ઉચિત છે. તે પ્રમાણે નિયમ અનુસાર વ્યક્તિ વર્તન કરે છે, ત્યારે તે કેટલી સમજદાર છે તેનો ખયાલ આવે છે. દરેક વર્તન પાછળ કોઈક ને કોઈક કારણ સંકળાયેલું હોય છે. તે કારણ ઘણી વાર દૃશ્ય હોય છે અને ઘણી વાર ભૂતકાળમાં ક્યાંક ધરબાઈને પડ્યું હોય છે, પરંતુ ખૂબ સમજદાર વ્યક્તિને અદૃશ્ય કારણની પણ ખબર પડે છે અને તેને ધ્યાનમાં રાખીને વર્તનને સમજે છે અને પોતાના ને સાચા માણસના વર્તનનું શું પરિણામ આવી શકે તેમ છે તેનો પણ અંદાજ કાઢી શકે છે, ત્યારે પૂર્ણ સમજદારી કોઈક બાબતની છે તેમ કહી શકાય. સમજદાર વ્યક્તિ દીર્ઘદૃષ્ટા હોય છે. વ્યક્તિ પોતાની સમજદારી પ્રમાણે નિયમોનું પાલન કરે છે અને તે પોતાના વર્તન પર નિયંત્રણ લાવે છે અને જ્યાં સમજદારીનો અભાવ હોય છે ત્યાં ગેરસમજ થવાની શક્યતા વધારે રહે છે. ગેરસમજ સંબંધોમાં મોટી તિરાડ પાડે છે. ક્યારેક ગેરસમજ લાંબો સમય રહેવાથી સંબંધો તૂટી જાય છે. બુદ્ધિમતા અને સંસ્કારમાંથી સમજણ આવે છે. સમજણને કારણે ખોટું કરતાં ભય પણ ઊભો થાય છે તેમ જ સચ્ચાઈથી નિર્ભયતા આવે છે. સમજણ દ્વારા આપોઆપ વ્યક્તિના વર્તન પર નિયંત્રણ આવે છે.

જો વ્યક્તિ સંસ્કારને સમજણથી ન સમજે તો તેને સજા દ્વારા સમજાવવામાં આવે છે તેથી વ્યક્તિને સજાનો ભય હોવો જરૂરી છે. સજા બે પ્રકારની હોય છે, અનૌપચારિક અને ઔપચારિક. વ્યક્તિનું વર્તન બરાબર ન હોય તો અનૌપચારિક રીતે તેને વઢ પડે, તેની મશ્કરી થાય, તેને ટોકવામાં આવે, તેની ટીકા થાય અને ઉચિત વર્તન માટે દબાણ લાવવામાં આવે. ઔપચારિક રીતે વ્યક્તિને કાયદા, કોર્ટ-કચેરીની બીક બતાવાય, જેલની સજા તેના અનુચિત વર્તન માટે થાય, પોલીસનો ભય, આમ વ્યક્તિ સજાના ભયથી ખોટું કાર્ય કરતા અચકાય છે. જે વાર્યા ન વળે તે હાર્યા વળે છે. વ્યક્તિના વર્તનને નિયંત્રિત રાખવા માટે સજા બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિના વર્તનને નિયંત્રિત રાખવા માટે આ ત્રણ બહુ જ મહત્ત્વના રસ્તા છે. સંસ્કાર ને સમજણ હકારાત્મક નિયંત્રણના રસ્તા છે, સમજદારને ઈશારા કાફી. આ બેથી ન સમજે તો ત્રીજો રસ્તો સજા જરૂરી છે. વ્યક્તિના વર્તન પર આ ત્રણમાંથી એકેયનું નિયંત્રણ ન હોય તો વ્યક્તિ મનમાન્યું વર્તન કરી કાબૂ બહાર રહે છે. જેથી વ્યક્તિનો જાત પરનો અંકુશ જતો રહે છે ને તે ક્યારેક પોતાને કે બીજાને નુકસાન પહોંચાડે છે. નિયંત્રણ દ્વારા સમાજ વ્યવસ્થિત કરી પ્રગતિ કરે છે. વ્યક્તિને જીવનમાં જેટલી સ્વતંત્રતાની જરૂર છે તેટલી જ વ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણની જરૂર છે. નિયંત્રણને કારણે વ્યક્તિ સ્વચ્છંદ બનતી અટકે છે. સ્વતંત્રતા હકારાત્મક ગુણ છે, જ્યારે સ્વચ્છંદતા નકારાત્મક બાબત છે. વ્યક્તિના વિકાસ માટે સંસ્કાર, સમજણ અને સજા દ્વારા નિયંત્રણ લાવવું જરૂરી છે.

WORDS OF WISDOM

LET NOBLE THOUGHTS COME TO US FROM EVERY SIDE

CHINTAN

1) Be faithful in small things because it is in them that your strength lies.
2) All achievements, all earned riches, have their beginning in an idea.
3) Our self image, strongly held, essentially determines what we become.
4) Satisfaction lies in the effort not in the attainment. Full effort is full victory.
5) Listening is very inexpensive; not listening could be very costly.
6) Don't judge each day by the harvest you reap, but by the seeds you plant.
7) The person who moves a mountain begins by carrying away small stones.
8) Failure will never overtake me if my determination to succeed is strong enough.
9) Happiness lies in the joy of achievement and the thrill of creative effort.
10) The less you open your heart to others, the more your heart suffers.
11) The larger the island of knowledge, the longer the shoreline of wonder.
12) Learn to see things as they really are, not as we imagine they are.
13) When someone does something good, applaud! You will make two people happy.
14) Don't tell me how hard you work. Tell me how much you get done.
15) Someone's opinion of you does not have to become your reality.
16) Thing big, believe big, act big, and the results will be big.
17) Identify your problems, but give your power and energy to solutions.
18) Opportunity dances with those who are already on the dance floor.
19) Live your beliefs and you can turn the world around.
20) An hour may destroy what an age was building.
21) A person's conversation is the mirror of his thoughts.
22) A bad word whispered will echo a hundred miles.
23) Though you live near a forest, do not waste firewood.
24) The chief danger in life is that you may take too many precautions.

- Bupendra L. Doshi

ખાસ સૂચના

♦ દરેક સેન્ટરે 'જાગૃતિ સંદેશ' માટે સરનામા દીઠ રૂા. ૫૦/- તથા સેન્ટરની મેમ્બરશિપ રકમના ટોટલ ૧% તથા મુંબઈ બહારના સેન્ટરે રૂા. ૫૦૦/- આપવાના રહેશે.

♦ જેજેસી-સેન્ટ્રલ બોર્ડની ૧૧મી કૉન્ફરન્સ ગોવા ખાતે બે રાત્રિ અને ત્રણ દિવસ શનિવાર, તા. ૧૭-૯-૨૦૧૬થી સોમવાર, તા. ૧૯-૯-૨૦૧૬ સુધી યોજેલ છે તો દરેક સેન્ટરે પોતાનું નામ રજિસ્ટ્રેશન કરાવી લેવા નમ્ર વિનંતી.

♦ 'મનોરંજનની અટારીએથી' વિભાગ માટે દરેક સેન્ટરે તેમના કાર્યક્રમની મેટર કાર્યક્રમ પતે એટલે તુરત જ સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં મોકલવી. સમયસર મળેલી મેટરને જ આ વિભાગમાં સમાવવામાં આવશે.

♦ જાગૃતિ સંદેશમાં દરેક સેન્ટરે દર વર્ષે બે **Advertise** આપવાની રહેશે. તો આપની **Advertise** કયા મહિનામાં આપવાની છે તે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં સચીનભાઈને જણાવવા વિનંતી.

સમયસર જાગી જઈશું?

હું તો અંધારે મોર બેઠી ભરવા
કે મોરલો અધૂરો રહ્યો,
હું તો ગૂંચભર્યા દોરાનો ઢગલો
કે મોરલો અધૂરો રહ્યો...

એક વખત વિનોબાજી પાસે એક સિત્તેર વર્ષના વયોવૃદ્ધ ભાઈ સત્સંગ માટે આવ્યા. વાતવાતમાં તેમણે વિનોબાને પૂછ્યુંઃ ''બાબા, જીવનનો ઉદ્દેશ શું?''

''ત્યારે વિનોબાજીએ અમારી સામે જોઈને હસતાંહસતાં કહ્યુંઃ ''દેખો, યહ બુઢ્ઢા અબ સત્તર (૭૦) સાલ કી ઉમ્ર મેં જીવન કા ઉદ્દેશ પૂછ રહા હૈ।''

ત્યારે મને ઉપરનું લોકગીત યાદ આવી ગયું. કેવળ એ દાદાનું નહીં, આપણામાંના મોટા ભાગના લોકોનું આવું જ થતું હોય છે કે આપણે છેક સમીસાંજે જ જીવનનો મોરલો ભરવાનું કામ આદરીએ છીએ. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય પાણીના રેલાની જેમ ક્યાં વહી જાય છે તે જાણે આપણે કોઈ જાણતાં જ નથી, જાણવાનો પ્રયત્ન સુધ્ધાં કરતાં નથી અને જાણે સાવ અચાનક જીવનમાં એક એવી સવાર ફૂટી નીકળે છે, જ્યારે ધ્યાનમાં આવે છે કે દબાતે પગલે વૃદ્ધત્વ આવી રહ્યું છે. આપણે ચોંકી ઊઠીએ છીએઃ 'અરે, આ શું?' કેમ જાણે જીવનમાં કદી બુઢાપો શબ્દ સાંભળ્યો જ ન હોય. બધું જ જાણીએ છીએ, પણ જાણ્યા છતાંય અજાણ્યા બનીએ છીએ, આંખ આડા કાન ધરી દઈએ છીએ. 'ઘરડાપો', 'મૃત્યુ'- આ બધા શબ્દોથી જોજનો દૂર ભાગીએ છીએ. કેમ જાણે એ શબ્દો આપણા જીવનકોષમાં છે જ નહીં. શાહમૃગની સામે જ્યારે વાઘ કે સિંહ તરાપ મારવા તત્પર થઈને ધસતો આવે છે ત્યારે કહેવાય છે કે શાહમૃગ રેતીમાં પોતાનું માથું ઘુસાડી દે છે, પણ આવું કરવાથી મૃત્યુ તો ટાળી શકાતું જ નથી.

હકીકતમાં આપણે માનવ થઈને આવી શાહમૃગવૃત્તિ દાખવીએ તે કોઈ પણ રીતે યોગ્ય નથી. માનવ એટલે જ મનનશીલ પ્રાણી, મનન કરીને માનવે જીવનની હર કોઈ વાસ્તવિકતાને, પરિસ્થિતિને યથાવત્, સાંગોપાંગ સમજી લેવી જોઈએ અને એ વાસ્તવિકતા સામે ઉન્નત મસ્તકે એણે ઊભા રહેવું જોઈએ.

જીવનની કેટલીક વાસ્તવિકતાઓ પરિવર્તનશીલ છે. તેને બદલી શકાય છે, પણ કેટલીક હકીકતો અટલ છે. તેને બદલાવી કે ટાળી શકાતી નથી. આવી પરિવર્તનશીલ, અટલ હકીકતોને હસતે મોંએ આવકારી શકે તે માટેની પૂર્વતૈયારી તેણે સમય રહેતાં કરી લેવી જ જોઈએ. વૃદ્ધાવસ્થા એ આવી અટલ વાસ્તવિકતા છે. માટે મોરલો ભરવો જ હોય તો યથાકાળે ભરત ભરવાનું શરૂ કરી દેવું જોઈએ. અંધારે મોરલો ભરવા બેસીએ તો પછી આપણી જાત ગૂંચભર્યા દોરાનો ઢગલો જ થઈને સામે અથડાય.

આની ખાતરી કરવી હોય તો અડખેપડખે નજર કરશો તો અસંખ્યા વૃદ્ધો એવા દેખાશે કે જાણે 'ગૂંચભર્યા દોરાનો ઢગલો!' એમના ચિત્તમાં, માનસમાં ગ્રંથિઓ જ ગ્રંથિઓ, એ ગાંઠોને કેમ ઉકેલવી તે જ પ્રશ્ન થઈ પડે! માણસનું જીવન તો સરરર... વહી જતા અસ્ખલિત ઝરણા સમું હોવું જોઈએ તેને બદલે આમ કેમ?

એક જ કારણઃ 'હું તો અંધારે મોર બેઠી ભરવા...' સમયસર જાગ્યા નહીં એટલે. જીવનમાં ગાંઠો ભેગી કરવી ન હોય તો જુવાનીમાં એક ગાંઠ મારો કે ઈશ્વર જો લાંબું આયખું દાનમાં દેશે તો એ ઘડપણને એવી સુંદર રીતે જીવીશ કે મારી વૃદ્ધાવસ્થા એ મારા જીવનમંદિરનો સુવર્ણકળશ સિદ્ધ થાય. દૂરદૂરથી ચાલ્યું આવતું કોઈ નાનકડું બાળક મારા જીવનનો એ સુવર્ણકળશ જોઈને હરખાઈ ઊઠે, એના પગમાં જોમ પુરાય અને એને પણ મારી જેમ જીવવાની પ્રેરણા મળે તેવું જીવન જીવવાનો સંકલ્પ યુવાનીમાં જ થવો જોઈએ.

આરંભ પહેલાંય પ્રારંભ હોય છે. દીવો તો છેક સમીસાંજે કરવાનો હોય છે, પણ ઘણાં બહેનો દીવેટ અગાઉથી તૈયાર કરી રાખે છે. દિવસ છતાં કરી લેવાનાં કામો ન કરી લઈએ તો અંધારે અટવાવું જ પડે. માટે વૃદ્ધાવસ્થાની તૈયારી અગાઉથી થવી જ જોઈએ. પછી જીવીએ, ના જીવીએ, એ પ્રભુને સોંપી દઈએ.

આપણા એક કવિએ ગાયું છેઃ

પીપળ પાન ખરતાં, હસતી કૂંપળિયા;
અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડિયા.

કુદરતનો ક્રમ છે કે સવાર ઊગી છે તો સાંજ પડશે જ, ડાળી પર ફૂટેલું પાન કદી ને કદી ખરશે જ, પણ ખરવાની છેલ્લી ક્ષણ સુધી એ પાન હસતું રહે, ગાતું રહે, રમતું રહે તેવું થવું જોઈએ. જો મનને એ રીતે વાળ્યું હોય તો આવું થઈ શકે.

વૃદ્ધાવસ્થાની પણ એક મસ્તી હોય છે. જાણે ફરી

એકવાર શૈશવ જીવનના આંગણે રમવા આવ્યું હોય તેમ આ ઘડપણ સાથે પણ આપણે રમી શકીએ. નાનપણમાં ખેલ્યા અજ્ઞાતપૂર્વક; હવે ખેલીએ બધું જાણી સમજીને.

શ્રી ગની દહીંવાળા કહે છે તેમઃ

સાવ અમસ્તુ નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,
ચાલ મજાની આંબાવાડી! આવળ-બાવળ રમીએ,
બાળ સહજ હોડી જેવું કંઇ, કાગળ-કાગળ રમીએ,
પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.

આવો, આપણી વૃદ્ધાવસ્થાને પણ આવી સરસ મજાની રમત બનાવવી હોય તો તેની રીતરસમ જાણી લઇએ, નીતિનિયમ સમજી લઇએ. ભલે એક દિવસ આપણે ખરી પડવાના હોઇએ તોપણ ખરતાંખરતાં મહેકી જઇએ.

સંસ્કૃતમાં એક શ્લોક છે, જેનો અર્થ આ પ્રમાણે છેઃ 'માણસે દિવસે સેવાકામ કરવાં જોઇએ કે જેથી રાત નિરાંતે જાય, આઠ મહિના એવું ને એટલું કામ કરવું કે ચોમાસામાં આરામથી રહી શકાય. જુવાનીમાં એવી રીતે જીવવું કે ઘડપણમાં પસ્તાવું ન પડે અને આખું જીવન એવી રીતે જીવવું કે જેથી પરલોક સુધરે.'

આમ સ્પષ્ટ છે કે ઘડપણમાં સુખી થવા માટે જે કાંઇ કરવાનું છે તેનો આરંભ સવેળા થઇ જવો જોઇએ. 'સવેળા' એટલે કે માણસ મનથી ઘરડો થઇ જાય તે પહેલાં. મન જો એકવાર માંદલું, નબળું કે ઘરડું થઇ ગયું, પછી કોઇ આરોવારો નથી. માટે સવેળા ચેતી જવું તેમાં જ હિત છે.

ચિંતન

• ભૂપેન્દ્ર એલ. દોશી

- સુખનું નિર્માણ કરવું હોય તો દુઃખનું નિર્વાણ કરતાં શીખવું પડશે.
- સારું કામ કરી શકો તો ઉત્તમ, પરંતુ કોઇ સારા કામમાં નડતર ન જ બનો.
- આપણે ક્ષણમાં જીવીએ છીએ. બીજી ક્ષણ આવે ત્યારે પહેલી ક્ષણ ચાલી ગયેલ હોય છે.
- કરુણા એ એવી ભાષા છે જે આંધળાઓ વાંચી શકે અને બહેરાઓ સાંભળી શકે.
- ઘડાને પાણીથી ભરાવા નદીમાં નમવું પડે છે તેમ નમ્યા વિના સદ્‌ગુણો હૃદયમાં આવતા નથી.
- સફળતા મેળવવા માટે શ્રદ્ધા અને પુરુષાર્થ બન્નેની જરૂર છે.
- આજે શિક્ષણ વધ્યું છે, પરંતુ સંસ્કાર ઘટ્યા છે.
- ઘેરી લે છે કંટકો ગુલાબને, કે આંચ આવે ન કશી તેની સુવાસને!
- દરેક બાળક એ સંદેશો લઇને જન્મે છે કે... ઈશ્વર હજી માણસજાતથી નાહિંમત થયેલ નથી.
- ક્રોધ એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.
- જીવનનું સુંદર આયોજન કરવું હોય તો તેનું પ્રયોજન સમજવું જરૂરી છે.
- શ્રીમંતો સાધનોથી માન મેળવે છે, જ્યારે સંતો સાધનાથી પૂજા છે.
- જીવનનો સાચો આનંદ અંતર છે, તે પૈસાથી ખરીદી શકાતો નથી.
- સંસારમાં આપણી ઉપયોગીતા એવી છે કે જેમ પાણીમાંથી આંગળી નીકળી જાય અને જગા પુરાઇ જાય છે!
- આરામ કરવો એટલે કટાઇ જવું, કામ કરવું એટલે પ્રગતિશીલ રહેવું.
- સંબંધો અને સંજોગો ઋતુ જેવા હોય છે, તે બદલાતા જ રહે છે.
- પર્વતના શિખરેથી તળેટીની વસ્તુ નાની દેખાય તેમ પદવી મળતા બીજાના દોષો ન દેખાવા જોઇએ.
- મનના નકારાત્મક વલણથી જીવનમાં મુશ્કેલી આવતી હોય છે.
- ખોટું કામ કરવા માટે કોઇ સાચો રસ્તો નથી.
- આજનું છાપું તે આવતી કાલની પસ્તી છે, તેમ આજનો દિવસ કાલે નકામો થઇ જાય છે.
- નકામી વાતો જે ભૂલી શકે તેની સ્મરણશક્તિ સારી ગણાય!
- બીજાઓની ખામીઓમાં રસ લઇ ચર્ચા કરવી એ આપણી મોટી ખામી છે.
- માણસ દૂરધ્વનિ સાંભળી શકે છે, પરંતુ અંતર્ધ્વનિ સાંભળી શકતો નથી.
- સારા વિચારો કરવા તે આંતરિક સૌંદર્યની નિશાની છે.
- તમે જે નથી જાણતા તે કબૂલ કરવું એ જ જ્ઞાન કહેવાય.
- ભગવાન છાપરું ફાડીને તમને આપે તેવા આશીર્વાદ મળે ત્યારે છાપરાના રિપૅરિંગના ખર્ચાની ચિંતા ન કરાય!
- જેને સારું કાર્ય કરવાની ધગશ છે તેને ઈશ્વરશક્તિ આપી દે છે.
- સાધનાનું પ્રથમ પગથિયું 'ચિંતન'થી શરૂ થાય છે.

સુખ દુઃખનું મૂળ : વિચાર

સૃષ્ટિના સર્જનથી માંડી અદ્યાપિ આધુનિક શોધખોળોમાં જે કંઈ પરિવર્તનો થયાં છે તેનું કારણ મનુષ્યની વિચારશક્તિ છે. સૃષ્ટિમાં કે સંસારમાં આપણે જે કંઈ જોઈએ છીએ તે પ્રભુએ માનવીને પ્રેરેલા વિચારોનું જ મૂર્તિ સ્વરૂપ છે, એટલું જ નહિ, પશુ-પક્ષી કે અન્ય સજીવ સૃષ્ટિના જીવન કરતાં મનુષ્યના જીવનમાં થતા ક્રમિક ફેરફારો પણ વિચારનું જ પરિણામ છે, કારણકે, મનુષ્યના મનોજગતમાં અવિરત વિચારોની હારમાળા વહેતી હોય છે. આ વહેતા વિકેન્દ્રિત વિચારોને સંયમરૂપી બિલોરી કાચ દ્વારા કેન્દ્રિત કરવામાં આવે તો એક અદ્‌ભુત સર્જન થાય છે. વિચારના બળે કરીને જ અનેકાનેકનું જીવન પરિવર્તન કરતા સાહિત્યનું સર્જન થાય છે. વિજ્ઞાન અને ટેકનૉલૉજીનો હરણફાળ વિકાસ થઈ રહ્યો છે. માનવી પૃથ્વી પરથી આરોહણ કરી ચંદ્ર પર જઈ શક્યો છે. સમુદ્રના પેટાળમાં સમાઈને રત્નો શોધી શક્યો છે. વેપાર, વ્યવસાય અને ખેતી પણ કરી રહ્યો છે, એટલું જ નહિ, અન્ય સજીવ સૃષ્ટિ પાસે પોતે ધારેલાં કાર્ય કરાવી શકે છે તેનું કારણ વિચાર જ છે. સ્પષ્ટ રીતે કહી શકાય કે, મનુષ્યની કાર્યશક્તિનું ચાલકબળ પ્રભુએ પ્રેરેલા વિચારો જ છે.

વિચારો જ નૂતન સર્જન કરી શકે છે અને વિચારો જ સર્વનાશ સર્જે છે. સદ્‌વિચારો સૌનું પરમહિત કરી શકે છે. જ્યારે ખરાબ વિચારો અનેકનું નિકંદન કાઢી નાખે છે. પ્રભુના અખંડ સંબંધયુક્ત અને પ્રભુમાં સંલગ્ન એવા વિરલ સંતો અને સત્પુરુષો તથા અનેકવિધ મહાન વ્યક્તિઓના વિચારોની ઉત્કૃષ્ટતાએ તેમનાં પોતાનાં અને અનેકનાં જીવન પરિવર્તન કર્યાં છે. જ્યારે એડોલ્ફ હિટલર તથા આતંકવાદીઓના નિમ્ન અને હીન વિચારોએ પોતાના અને કેટલાયનાં જીવન બરબાદ કર્યાં છે અને કરે છે.

મહાન વ્યક્તિઓની મહાનતા તેમના આદર્શ આચરણને લઈને જ છે અને આચરણનું મૂળ વિચાર છે. જેવો વિચાર આવે તેવો આચાર એટલે કે આચારની જન્મોત્રી મનમાં ઉદ્‌ભવતા વિચારો છે. એટલે જ આપણા વહાલા પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું છે...

''જેવા વિચારો તમે કરવાના, એવા જ જરૂર તમે થવાના.''

મહાન વ્યક્તિઓનું આદર્શ જીવન તેમના વિચારોમાં પ્રતિબિંબિત થતું હોય છે.

તમને કેવા પદાર્થો, વસ્તુ કે વ્યક્તિ ગમે છે ? કેવું સંગીત સાંભળવું ગમે છે ? કેવું સાહિત્ય વાંચવું ગમે છે ? કેવા પ્રકારના શોખ છે ? વગેરે બાબતો આંતરિક વિચારોનું દર્શન કરાવે છે અને એ આંતરિક વિચારો જ આપણી બુદ્ધિ અને આંતરતંત્રનું પરિમાણ કાઢે છે. શ્રીજીમહારાજે સંતો-હરિભક્તોના વિચારો સાંભળી તેમની બુદ્ધિ અને વર્તન વિષે વાત કરતાં પંચાળાના પહેલા વચનામૃત દ્વારા આપણને સમજાવ્યું છે, જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. એટલે કે પત્રમાં વર્ણવાયેલા વિચારોથી જ તેની બુદ્ધિ પરખાય છે. વ્યક્તિની વિચારસરણી જ તેને વામન કે વિરાટ બનાવે છે.

મનુષ્યમાત્ર લાગણીશીલ પ્રાણી હોવાથી બહુધા લાગણીઓના આવેશમાં આવી જાય ત્યારે પોતે શું વિચારે છે ? શું બોલે છે ? કે શું કરે છે ? તેનો પણ તેને ખ્યાલ રહેતો નથી. પછી તે લાગણી વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેની હોય કે પશુ-પક્ષી કે જડ-ચૈતન્ય કોઈના પણ વિષેની હોય, પરંતુ પોતે લાગણીના વહેણની સાથે વહી જાય છે. માટે લાગણીઓ પર વિચારનું શાસન ખૂબ જરૂરી છે, કારણકે વિચાર જ તેને અંકુરિત કરી યોગ્ય માર્ગે દોરે છે અને સુખના દ્વાર સુધી લઈ જાય છે. વિચારનું આપણા જીવનમાં વિશેષાધિક મૂલ્ય છે, પરંતુ વાસ્તવિક્તાએ નિજ દર્શન કરીએ તો આપણે આપણા જીવનમાં જે વાત પર સૌથી ઓછું મહત્ત્વ આપીએ છીએ તે છે આપણી વિચાર કરવાની રીત, વિચાર કરવાની આ રીત પર જ આપણા જીવનનો પડઘો પડે છે. જેમ લીલાછમ લહેરાતા કે સુકાઈ ગયેલા ઠૂંઠા જેવા ઝાડનું કારણ તેના મૂળ છે. જે મૂળ લીલાછમ તો ઝાડ પણ લીલુંછમ અને મૂળ સુકાઈ ગયું તો ઝાડ પણ સુકાઈ જાય છે. તેમ આપણા જીવનમાં સુખ અને દુઃખનું મૂળ આપણા વિચાર જ છે. આપણા વિચારો જ આપણા માર્ગમાં કાંટા કે ફૂલ વેરે છે. ત્યારે આપણે કેવા વિચારો કરવા એની સ્વતંત્રતા આપણા હાથમાં જ છે.

વિચારો બે રૂપે પ્રગટ થઈ આવતા હોય છે. કાર્યરૂપે અને કલ્પનારૂપે. બહુધા વિચારો કાર્યરૂપે પ્રદર્શિત થતા હોય છે. દિવસ દરમિયાન ઉદ્‌ભવતા આ વિચારોનું તારણ કાઢતાં ખયાલ આવે કે આપણને ફક્ત નકારાત્મક વિચારો જ આવતા હોય છે. આ નકારાત્મક વિચારો જ આપણા જીવનનું નૂર છીનવી લે છે અને આપણને નિર્માલ્ય બનાવી દે છે. નકારાત્મક વિચારોને આપણે શબ્દો દ્વારા વારંવાર બોલવા છતાં ઓળખી શક્તા નથી. જેમ કે, ''મારાથી આ શક્ય નથી, મને આવું ન આવડે, મારી યાદશક્તિ ઓછી છે, હું સમયસર ઊઠી શકતો નથી, હું ચપળતાથી વ્યવહાર કરી શકતો નથી, મને બધે અસફળતા જ મળે છે, કોઈ મારી

સાથે સારો વ્યવહાર કરતું નથી, કોઈ મારી લાગણીઓને સમજી શકતું નથી, આવું જીવન જીવવું તેના કરતાં ન જીવવું સારું.''

આવા અનેક નકારાત્મક વિચારો દિવસ દરમિયાન આવતા હોય છે જેના કારણે આપણને અંદર ઉદ્વેગ, અશાંતિ અને ચિંતા રહ્યાં કરતાં હોય છે. એનું સ્પષ્ટ કારણ આવા નકારાત્મક વિચારો જ છે. આવા વિચારો આપણી અંદર રહેલી કાર્યશક્તિને હણી લે છે. હકારાત્મક વિચારની સામે નકારાત્મક વિચારોનો પ્રવાહ જો વધુ હોય તો તે હકારાત્મક વિચારોને દબાવી દે છે, મન પર નકારાત્મકતાનું સામ્રાજ્ય ફેલાવી દે છે અને થોડી વારમાં જેવું વિચાર્યું હોય તેવું જ આપણને અનુભવાય છે. ત્યાર પછી તો તમામ કાર્યો નકારાત્મક જ થવા માંડે છે.

જેલના એક કેદીને કહેવામાં આવ્યું કે, ''આજે રાત્રે સર્પદંશથી તારું મૃત્યુ થશે.'' પછી તેને મોટા મોટા સાપ અને તેનાં દૃશ્યો બતાવવામાં આવ્યાં. રાત્રે તે ભરનિદ્રામાં સૂતો હતો એ જ વખતે જેલરે માત્ર ટાંકણી મારી તો આખા શરીરમાં ઝેર ચડી ગયું અને થોડી વારમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું, કારણકે મનમાં નકારાત્મક વિચારોનું જ મનન થતું હતું કે મારું આજે રાત્રે જરૂર સર્પદંશથી મૃત્યુ થશે.

દીકરા-દીકરી કે અન્ય સભ્યો દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યા સુધીમાં મોડાંમાં મોડાં ઘરે આવી જતાં હોય અને કોઈ દિવસ મોડું થાય તો તરત જ તેમના માટે કેવા વિચારો આવે છે ? બહુધા નકારાત્મક વિચારો જ આવતા હોય છે; જેમ કે, ક્યાંક ઍક્સિડન્ટ તો થયો નહિ હોય ને ?'' વળી, એમની પ્રત્યે શંકાની નજરે પૂછપરછ થાય; ક્યારેક ઊલટતપાસ પણ થતી હોય; અભાવ-અવગુણની પ્રવૃત્તિ થતી હોય. આ બધું નકારાત્મક વિચારોની જ ફલશ્રુતિ છે.

ધંધા-વ્યવસાયમાં કે શિક્ષણમાં કે જીવનના હર કોઈ ક્ષેત્રમાં જો ક્યાંક અસફળતા મળે તો તરત જ નકારાત્મક વિચારો થવા માંડે છે. પરિણામે એ નકારાત્મક વિચારનાં સ્પંદનો જ વધુ અસફળતાને આવકારે છે. એટલે જ નેપોલિયન હિલે પોતાના શબ્દોમાં કહ્યું છે કે,

''જો વિચાર્યું કે પિટાઈ ગયા તો પિટાઈ ગયા,
જો વિચાર્યું કે હિંમત નથી તો હારી ગયા,
જો વિજયની ચાહના છે કિંતુ વિચારો છો કે,
જીતી નથી શકતા, તો નિશ્ચિંતપણે તમે હારશો જ.
જો સંશય પીછેહઠનો છે તો પીછેહઠ કરશો જ.
એટલે હંમેશાં આગળ ધપવાનું વિચારો,
પ્રભુના દૃઢ વિશ્વાસથી આગળ ધપો,
તો જ તમારો પ્રયાસ પુરસ્કૃત થશે.''

દુનિયામાં હંમેશાં એક જ વાત જોવા મળે છે કે સફળતાની શરૂઆત માનવીની વિચારસરણી પર નિર્ભર છે, પરંતુ ખરેખર દિવસ દરમિયાનનો બહુધા સમય આપણે નકારાત્મક વિચારોમાં વિતાવતા હોઈએ છીએ; એમાં જ દુઃખી થવાય છે. એકબીજાને દુઃખી કરાય છે, પરંતુ ગમે તેવા સંજોગ-પરિસ્થિતિ, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આપણા વિચારોને હકારાત્મક કરી દઈએ તો દુઃખનો અંત આવે અને સુખની શરૂઆત થાય. ચિંતા અને તણાવમુક્ત થઈ હળવાફૂલ જેવા થઈ જવાય. સ્વાસ્થ્ય પણ સારું થઈ જાય. માટે હંમેશાં સવળું જ વિચારવું. શ્રીજીમહારાજે પણ આપણને આ જ વિવેક શિખવાડ્યો છે કે, ''સવળો વિચાર હોય તેને ગ્રહણ કરો ને અવળો વિચાર હોય તેનો ત્યાગ. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.''

વિચાર જ સુખી કરે છે ને વિચાર જ દુઃખી કરી દે છે... સુખી થવું કે દુઃખી થવું તે આપણા જ હાથમાં છે... તો શા માટે Positive વિચારો કરી સદાય સુખી ન રહેવું ? ? ?

દરેક સેન્ટર / પ્રમુખને જાણવા જોગ...

- દરેક સેન્ટરના પ્રમુખશ્રીને જણાવવાનું કે નવા વર્ષ ૨૦૧૬ના દરેક મેમ્બરના Address મોકલી આપવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશ મોકલવામાં તકલીફ ના પડે.
- દરેક સેન્ટરને ખાસ જણાવવાનું કે દરેક મહિનાના પ્રોગ્રામનો Circular JJC-Central Boardની Officeમાં કુરિયર કરવા તથા મહિનાના અંતમાં મળે તેમ કરવા નમ્ર વિનંતી, જેથી જાગૃતિ સંદેશમાં મનોરંજનની અટારીમાં તમારા સેન્ટરની વિગત આપી શકાય.
- નવી કમિટીના એડ્રેસ મોકલી આપવા નમ્ર વિનંતી. ડિરેક્ટરી Form મોકલી આપેલ છે તો દરેક સેન્ટરે Fillup કરીને મોકલી આપવા અને સાથે દરેક સેન્ટરના પ્રમુખશ્રી તથા સેક્રેટરીનો ફોટો પણ મોકલી આપવા નમ્ર વિનંતી.

ખરાબ વિચારોને કેવી રીતે દૂર કરવા ?

''શું ખરાબ વિચારો આવવા એ પાપ છે? હું કેવી રીતે આવા વિચારોથી મુક્ત થઈ શકું?'' મને કોઈએ આ સવાલ કર્યો હતો? આ સવાલનો જવાબ આપું તે પહેલાં હું તમને જણાવી દઉં કે મને પાપના ખયાલમાં કોઈ વિશ્વાસ નથી. પાપ જેવું કશું હોતું જ નથી.

હું એવું નથી સૂચવી રહ્યો કે આપણે જે પણ કરીએ કે વિચારીએ તે બધું સાચું હોય છે, પરંતુ પાપ એટલે તમે એવું કંઈક કર્યું જેનાથી ભગવાન તમારાથી હવે અળગા થઈ ગયા છે, કારણકે ભગવાન હવે તમારાથી નારાજ થઈ ગયા છે એ વાત સાથે હું સહમત નથી.

મને નથી લાગતું કે ભગવાન જો નારાજ થઈ જતાં હોય તો એને ભગવાન કહેવાય! ભગવાનનો પ્રેમ બિનશરતી હોય છે. પાપ એ ધાર્મિક ખયાલ છે જ્યારે તમારો મૂળ સ્વભાવ અને ભગવાન બન્ને, કોઈ પણ ધર્મ, પુસ્તક કે વિચાર પ્રણાલીથી પરે છે.

જો પાપ જેવું કશું ન હોય તો તેનો અર્થ બધું સ્વીકાર્ય છે? બિલકુલ નહિ. કુદરત સ્વયંકાર્યાન્વિત ભવિષ્યવાણી પર ચાલે છે. તમે સફરજનનું બીજ વાવો અને તેમાંથી ફણગો ફૂટીને તે સફરજનનું વૃક્ષ બનતું હોય છે. કુદરત તમને આ કર્મ બદલ કોઈ સજા કે ઈનામ નથી આપી રહી. સારું કે ખરાબ, સાચું કે ખોટું તેના વિશે ચકાસણી કરવી તે માનવીય માર્ગ છે. દિવ્ય માર્ગ તો ફક્ત જાગૃત રહેવાનો, એક સાક્ષી બની રહેવાનો છે. ખરાબ વિચારો આવવા એ કોઈ પાપ નથી, પણ ખરાબ વિચારો પર જો અમલ કરવામાં આવે તો તેનાંથી અનિચ્છનીય કર્મો થઈ જતાં હોય છે અને આ જ વાત મને આજની વિષયવસ્તુ પર લઈ જાય છે: ખરાબ વિચારોથી ઉપર કેમ ઊઠવું?

જો કોઈ તમને એમ કહેતું હોય કે તમને કોઈ એવી પ્રક્રિયા આપશે, કે કોઈ એવો માર્ગ આપશે કે જેથી કરીને તમને ખરાબ વિચારો ન આવે, તો તે ખોટું બોલી રહ્યા છે. દુનિયાની કોઈ તાકાત કે કોઈ પણ વ્યક્તિ તમને એ બાબતની ખાતરી આપી શકે તેમ નથી. દરેક મનુષ્ય ૨૪ કલાકમાં ૬૦,૦૦૦ વિચારોમાંથી પસાર થાય છે અને એ બિલકુલ કુદરતી છે કે તેમાંના કેટલાક વિચારો એવા રહેવાના કે જે અનિચ્છનીય હોય. ખરાબ વિચારો આવવાથી તમે પોતે કંઈ ખરાબ નથી થઈ જતા. વિચારો મહત્ત્વના નથી, પરંતુ તમે એ વિચારોને લઈને શું કરો છો તે મહત્ત્વનું છે.

દરેક જણ ઘૃણા, ઈર્ષ્યા, અનુચિત વ્યવહાર વિશેના વિચારોનો અનુભવ કરે છે. તેનાથી કંઈ વિનાશક નથી થઈ જવાનું, કારણકે એક વિચાર ગમે ત્યારે ગમે તે દિશામાંથી આવી શકે છે. કોઈ એકને મંદિરમાં પ્રાર્થના કરતી વખતે વ્યભિચાર કે છળકપટનો વિચાર આવી શકે છે અને તે જ વ્યક્તિને વેશ્યાલયમાં દયા અને નૈતિકતાનો વિચાર આવે તેવું પણ બને. તે શક્ય છે.

વિચારો અસ્વૈચ્છિક હોય છે, તે આમંત્રણ વગર જ આવી ચડે છે. ખરાબ વિચારો આવવામાં કશું જ અસામાન્ય હોય તેવું નથી. અંતે તો વિચારો નહિ, પરંતુ તેની પાછળની દોરવણી જ તમારા લાગણીતંત્ર અને માનસિકતાના સ્તરને અસર કરતી હોય છે.

માટે તમને ક્યારેય ખરાબ વિચારો આવે જ નહિ તેવી અપેક્ષા રાખવી વાસ્તવિક વાત નથી, પરંતુ ખરાબ વિચારોની પાછળ દોરવાઈ ન જવું કે તેના પર અમલ ન કરવો તે બિલકુલ કરી શકાય તેવું હોય છે. જ્યારે તમને વિચાર આવે કે જેને તમે ખરાબ માનતા હોવ, ત્યારે સહજતાપૂર્વક તમારું ધ્યાન બીજે દોરી જાવ. તમારું મન બીજે ક્યાંક કેન્દ્રિત કરો. વિચારની પાછળપાછળ ન જાવ. દાખલા તરીકે તમે તમારા જીવનમાં તમારા સુંદર કુટુંબ સહિત તમને જે કંઈ પણ મળ્યું છે તેના માટે ભગવાનનો આભાર વ્યક્ત કરી રહ્યા છો અને અચાનક ગમે ત્યાંથી એક સ્ત્રીનો વિચાર તમારા ધ્યાનમાં આવે છે. એ સમયે તમે તમારા વિચારની પાછળ ન જાવ કે તમે તમારા વિશે ખરાબ ના લગાડો કે તમને કેમ આવો

વિચાર આવ્યો. ફક્ત સહજતાથી તમારું ધ્યાન પાછું વર્તમાન ક્ષણ પર લઈ આવો અને સ્ત્રીના જે વિચારો છે તે આપોઆપ દૂર થઈ જશે. તેમ છતાં, જો તમે વિચાર-શ્રૃંખલાને અનુસરવાનું ચાલુ અને સ્ત્રીની ઉપર, તેના શરીર ઉપર, તેની સાથે હોવાનું ચિંતન ચાલુ કરો તો પછી તે વિચારને ઝડપથી ગતિ મળવાનું ચાલુ થશે અને તુરત તમારી સીધા વિચારવાની શક્તિ પર તે કાબૂ કરી લેશે.

બરફનો એક નાનો અને નજીવો ટુકડો જ્યારે નીચે ગબડવાનું ચાલુ કરે ત્યારે ધીરેધીરે તે એક મહાકાય બરફના ગોળામાં રૂપાંતર પામે છે. તે તમને સતત કોણીના ગોદા મારતું હોય તેમ તમારા વિચારોને એવાં કાર્યો કરવામાં રૂપાંતર કરવા માટે ફરજ પાડતું રહે છે કે જેના પર તમને પાછળથી અફસોસ થાય.

એક શિષ્યાને તેના પોતાના ગુરુ માટે ખૂબ જ પ્રેમ થઈ ગયો. તે પોતે પોતાને આવી લાગણી થવા બદલ દોષિત સમજવા લાગી, પરંતુ આ અપરાધભાવના તેને પોતાના ઉત્સાહથી ઉપર ઊઠીને મજબૂત બનવા માટે કોઈ કામ ન લાગી. જ્યારે તેનું હૃદય તેના મન પર વિજય મેળવતું ગયું ત્યારે તેનાથી વધુ વાર ન રહેવાતા તે ગુરુ પાસે ગઈ અને કહ્યું, ''હું ખૂબ જ દિલગીર છું, ગુરુજી, પરંતુ મને તમારા માટે ખૂબ જ લાગણીનો અનુભવ થાય છે.''

''એમાં દિલગીર થવાની કોઈ જરૂર નથી.'' ગુરુએ કહ્યું, ''જો તને મારા પ્રત્યે ખૂબ જ લાગણીનો અનુભવ થઈ રહ્યો હોય, તો મારી પાસે આપણાં બન્ને માટે પૂરતો થઈ પડે એટલો સંયમ છે.''

માની લો કે તમે પોતે એ ગુરુ છો અને તમારા વિચારો એ તમારી શિષ્યા. જ્યારે તમને વિચારો આવે ત્યારે કોઈએ પણ દિલગીર થવાની જરૂર નથી, તમારે ફક્ત જાગૃત રહેવાનું છે અને એ મુજબની ક્રિયાવિધિ તમારે પસંદ કરવાની છે. તમારા વિચારોને તમારી પાસે આવવાની સ્વતંત્રતા આપો અને તમે છે તે તેને દિશા આપવાની તાકાત રાખો.

જ્યારે તમને વારંવાર એકનો એક ખરાબ વિચાર આવે ત્યારે આપણે તેના મૂળ સુધી જવાની જરૂર પડે છે. તે કદાચ કોઈ અભાવમાંથી આવતો હોય તેવું બને. જે પોતાના જીવનમાં તૃપ્ત છે તે બીજા લોકો કે જેમને જીવનમાં ક્યારેય ખરા પ્રેમનો અનુભવ જ નથી કર્યો હોતો તેમની સરખામણીમાં સતત ઈર્ષ્યા અને ઘૃણાનો અનુભવ ક્યાંય ઓછા પ્રમાણમાં કરે છે.

જો કોઈ ઉપવાસ કરી રહ્યું હોય, એમના માટે એ બિલકુલ કુદરતી છે કે બીજા લોકોની સરખામણીમાં તેમને ખોરાકનો વિચાર વધુ વખત આવશે. તેઓ જેટલા વ્યસ્ત રહેશે, તેમને કદાચ ભૂખનો અનુભવ નહિ થાય, પરંતુ જેવા તેઓ થોડા મુક્ત થશે કે તરત જ ખોરાકનો વિચાર એમના મનમાં એકદમ મજબૂતાઈથી ઊઠશે. એ જ રીતે, તમે જ્યારે તમારા મનને એક મુક્ત ક્ષણ આપો છો, ત્યારે મોટા ભાગે તમને એક ખરાબ વિચાર, નકારાત્મક વિચાર, કે પછી તણાવગ્રસ્ત વિચાર આવશે. તે બિલકુલ કુદરતી છે. એવું શા માટે? કારણકે મોટા ભાગના આપણે આપણી જાત સાથે સતત એક યુદ્ધમાં હોઈએ છીએ કે આપણે ખરાબ નહિ વિચારવાનું, નકારાત્મક નહિ વિચારવાનું, ઈર્ષ્યા નહિ કરવાની વગેરે. તમે ઉપવાસ કરી રહ્યા છો અને તમે ખોરાકનો વિચાર તમારા મનમાંથી કાઢી નાખવાનો પ્રયત્ન કરી રહ્યા છો.

વિચારો પ્રત્યે સજાગતા એ તેની ચાવી છે. વિચારોને સ્વીકારો, તેનો પ્રતિકાર ન કરો, તેની પાછળ ન દોરવાઈ જાવ, અપરાધભાવ ન રાખો. જેવું છે તેવું રહેવા દો. તમે ધ્યાન દ્વારા, ચિંતન દ્વારા અને દૃઢતા દ્વારા જાગૃતતાને કેળવી શકો છો. તમારે તમારા વિચારો કે લાગણીઓ માટે ક્યારેય દિલગીર થવાની જરૂર નથી. તે શુદ્ધ કે અશુદ્ધ નથી હોતા, તે ફક્ત બસ હોય છે. તમે તેને લઈને શું કરો છો તેના પ્રત્યે જાગૃત રહો.

તમે જ્યારે તમારી જાતને સહજતાથી વર્તમાન ક્ષણમાં પાછી લઈ આવો છો ત્યારે બધા વિચારો, બન્ને સારા અને ખરાબ ચાલ્યા જતા હોય છે. ત્યાં પછી કોઈ સંઘર્ષ હોતો નથી. વર્તમાન ક્ષણમાં એવું કશું હોતું નથી કે જેનાથી ભાગવાની જરૂર પડે. આ એક સરળ સત્ય છે.

- સાભાર

મારે પણ મારું એક સ્વર્ગ બનાવવું છે

■ કૃષ્ણકાંત ઉનડકટ

દરેક માણસને સુંદર જિંદગી જીવવી હોય છે. દરેકને સુખી થવું હોય છે. દરેકને પોતાની વ્યક્તિને સુખી કરવી હોય છે. દરેકને સુખની પોતાની કલ્પનાઓ હોય છે. આ કલ્પનાઓની સાથે જિંદગીની થોડીક વાસ્તવિક્તાઓ હોય છે. સુખી થવા માટે માણસ કલ્પના અને વાસ્તવિક્તાને નજીક લાવવાનો પ્રયાસ કરતો રહે છે. છેલ્લે આ બેમાંથી જેનો વિજય થાય છે તેના પરથી સુખ કે દુઃખ નક્કી થતું હોય છે. સાચું સુખ બે આંખોથી નથી જોવાતું, પણ સાચું સુખ ચાર આંખોથી જોવાતું હોય છે. આંખો બમણી થાય ત્યારે સુખ સંકોચાઈ જતું હોય છે.

બધાને પોતાનું એક અંગત સ્વર્ગ રચવું હોય છે. ઘરનો એક ખૂણો એવો જોઈતો હોય છે, જ્યાં આવ્યા પછી તમામ દુઃખ અને દરેક ગમ આલોપ થઈ જાય. અંધારું પણ અવસર જેવું લાગે. ઉદાસીનું સ્થાન ઉત્સવ લઈ લે. સપનાં સાર્થક થાય. કલ્પનાઓ સાકાર થઈ જાય અને આયખું ઉમળકો બની જાય. જોકે, આવું થઈ શકતું નથી. વાસ્તવિકતા એટલી બધી વિકરાળ થઈ જાય છે કે કલ્પનાઓની ક્યારે કતલ થઈ ગઈ તેની ખબર જ નથી પડતી. હાશને બદલે ત્રાસ લાગવા માંડે. સંબંધ સળગતો હોય ત્યારે સાંનિધ્યમાં તાપ અને ભાર લાગે છે. આપણે આગ ઠારવામાંથી નવરા જ નથી પડતા. આગ ઠરી જાય તોપણ પાછી આગ ન લાગે એનો ભય સતાવતો રહે છે. ફડક હોય ત્યાં ફફડાટ જ હોય. આગ અને રાખ સાથે રમતો માણસ જીવતો હોતો નથી, ઝઝૂમતો હોય છે.

ખોટું બોલવાની શરૂઆત, સાચું બોલી શકાય એમ ન હોય ત્યારે જ થતી હોય છે. જૂઠ એક વાર શરૂ થયું એટલે કલ્પનામાં રચેલા સ્વર્ગનાં પોપડા ખરવા લાગે છે. દીવાલો જર્જરિત થઈ જાય છે. તારાને બદલે કરોળિયાનાં ઝાળાં લાગી જાય છે. અધૂરાં સપનાંનો બોજ વેંઢારવો સહેલો હોતો નથી. આશાઓ ઉજાગર થાય તો જ જિંદગી જીવવા જેવી લાગે. સપનાં સંગાથથી સાર્થક થતાં હોય છે. માણસ એકલો દુઃખી થઈ શકે, પણ એકલો સુખી થઈ શકતો નથી. કોઈ પણ સુખ સાથ વગર અધૂરું છે. સુખ સાથે મળીને માણવાની ચીજ છે.

એક પ્રેમિકાએ એના પ્રેમીને પૂછ્યું કે તને મારી પાસેથી શું અપેક્ષા છે? પ્રેમીએ કહ્યું કે મારે તારી સાથે બુઢ્ઢા થવું છે. તારા અને મારા હાથમાં કરચલીઓ પડી જાય ત્યાં સુધી તારો હાથ પકડી રાખવો છે. કરચલીઓના ખાડા મારા હાથમાં બે કરચલીની વચ્ચે ઊપસેલી ચામડીથી પૂરી દેવા છે. કરચલીઓ પણ સળવળીને સજીવન રહે તેવી ઈચ્છા છે. દરેક વ્યક્તિની આવી ઈચ્છાઓ હોય છે, પણ એ અચાનક અને અણધારી રીતે અદૃશ્ય થઈ જાય છે. સપનાં શોષાઈ જાય છે. સપનાંમાં કોઈ સત્ત્વ રહેતું નથી.

એક કપલ હતું. તેને એક દીકરી હતી. આ કપલ નવો બંગલો બંધાવી રહ્યું હતું. દીકરી માટે બંગલામાં એક સરસ રૂમ બનાવવાનો હતો. બંનેએ દીકરીને બોલાવીને પૂછ્યું કે તારે તારા રૂમમાં શું જોઈએ છે? દીકરી કલ્પનામાં વિહરવા લાગી. ધીમેધીમે એની કલ્પનાને શબ્દો ફૂટવા લાગ્યા. મારા રૂમની બધી જ દીવાલ રંગીન હશે. રૂમની છત પર મારે તારા અને ચંદ્ર ચોંટાડવા છે. દીવાલ પર એક પરીનું સુંદર મજાનું ચિત્ર જોઈએ છે. એક ખૂણામાં નાનકડા બગીચાનું દૃશ્ય ખડું કરવું છે. ફૂલો પર થોડાંક પતંગિયાં ઊડતાં હોય એવું લાગવું જોઈએ. એક મેઘધનુષ્ય જોઈએ છે. ઘરની ટાઈલ્સમાં દરિયાનાં મોજાં જોઈએ છે. બેડ પર ફૂલની પાંદડી જેવી કુમાશવાળો અહેસાસ જોઈએ છે અને ઓશિકામાં સુંદર મજાનું સપનું આવે એવી રંગોળી જોઈએ છે. હું સૂતી હોઉં ત્યારે મને એવું લાગે કે જાણે હું સ્વર્ગમાં છું. આટલું બોલી દીકરી દોડીને રમવા ચાલી ગઈ.

પત્નીએ પતિ સામે જોયું અને પછી માત્ર એટલું જ બોલી કે કાશ, આપણે પણ આપણો આવો એક રૂમ

બનાવી શક્યાં હોત! સ્વર્ગ સાધનોથી નથી બનતું. સ્વર્ગ સ્નેહથી બને છે. તમારી પાસે આવું સ્વર્ગ છે? ઘર ભલે નાનું હોય, રૂમ ભલે સાંકડો હોય, પણ સાથે જે હોય તે વિશાળ હોય તો સ્વર્ગના અહેસાસ માટે પૂરતું છે. સ્વર્ગ તો પોતાની વ્યક્તિના બે હાથ ફેલાય એટલે રચાઈ જતું હોય છે. કવિ રમેશ પારેખે લખેલું એક સરસ મજાનું ગુજરાતી ગીત છે, 'કોઈ પૂછે કે ઘર તારું કેવડું? મારો વ્હાલમજી બાથ ભરે એવડું!'

ખોબો માગે અને દરિયો ન આપી શકાય તો કંઈ વાંધો નહીં. પ્રેમ હોય ત્યારે ખોબાથી તો શું એક બુંદથી તરબતર થઈ જવાતું હોય છે. ખોબો છલકે નહીં તો પણ કંઈ પ્રૉબ્લેમ નથી, ખોબો ખાલી થઈ જવો ન જોઈએ. ખોબો ખાલી થાય તો ખાબોચિયું બની જતું હોય છે. કવિ રમેશ પારેખના જ એક બીજા ગુજરાતી ગીતની પંક્તિ છે. 'ખાબોચિયુંયે આમ તો પર્યાપ્ત હોય છે, હોડી ડુબાડવાને તું દરિયો ન મોકલાવ, આંખોમાં આવી રીતે તું અશ્રુ ન મોકલાવ, ખાલી પડેલા ગામમાં જાસો ન મોકલાવ!'

કોઈનો સાથ છૂટે ત્યારે માણસ ખાલી થઈ જતો હોય છે. ખાલીપો માણસને ખોખલો કરી નાખે છે. ભાવ જ્યારે અભાવમાં બદલાઈ જાય ત્યારે અસ્તિત્વમાં આંટી વળી જતી હોય છે. હમણાં એક મિત્રએ વૉટ્સઍપ પર એક મૅસેજ મોકલાવ્યો. 'દુનિયામાં સાત અબજ માણસો છે. આ સાત અબજમાંથી એક માણસ આપણો મૂડ ખરાબ કરી જાય?' વાત સાચી લાગે, પણ વાત સાચી છે નહીં! હા, સાત અબજમાંથી એક માણસ આપણો મૂડ બગાડી નાખે છે. મૂડ શું આખું અસ્તિત્વ હલાવી નાખે છે, કારણકે આપણે એ એક માણસ સાથે જોડાયેલા હોઈએ છીએ! આપણે એક વ્યક્તિને આપણું સર્વસ્વ સમજી લીધું હોય છે. આપણું સુખ પણ એ જ હોય છે અને આપણું સ્વર્ગ પણ એ જ હોય છે.

એ એક વ્યક્તિ દૂર જાય ત્યારે આખું આયખું ઉદાસીમાં ઓગળી જાય છે. આપણને બીજા લોકોથી કંઈ મતલબ હોતો નથી, પણ એ એક વ્યક્તિ સાથે શરીરનું રોમેરોમ જોડાયેલું હોય છીએ. એનો સ્પર્શ આપણે ઝંખતા હોઈએ છીએ. એનો હાથ હાથમાં હોય ત્યારે આખું જગત આપણી હથેળીમાં રમતું હોય છે. એની સાથે હોઈએ ત્યારે જાણે દુનિયામાં અમે બંને જ હોય એવું લાગે છે. અમે આદમ અને ઈવ છીએ. બીજું કોઈ જ નથી. એ જ મારા માટે સર્વસ્વ છે અને હું એના માટે આખું જગત છું. વિશાળ પૃથ્વી જાણે એક નાનકડું બિંદુ બની અમારા ઘરનો પર્યાય બની જાય છે. પ્રકૃતિનું સર્જન જાણે કુદરતે માત્ર અમારા બંને માટે જ કર્યું હોય એવી અનુભૂતિ થાય છે. એ હોય ત્યારે 'હું' ક્યાં 'હું' હોઉં છું, 'એ' પણ 'એ' નથી હોતો. અમે એક-મેકમાં અંતર્ધ્યાન થઈ ગયાં હોઈએ છીએ.

ખામોશી બોલતી હોય છે. સાંનિધ્યની ખામોશીમાંથી જે સંગીતનું સર્જન થાય છે એ માત્ર બે વ્યક્તિને જ સંભળાતું હોય છે. આવી ખામોશી જ્યારે સન્નાટો બની જાય ત્યારે જિંદગી સુસવાટામાં ભટકી જતી હોય છે. સાત અબજમાંથી એક વ્યક્તિથી જ બધો ફર્ક પડતો હોય છે! સંવાદનો અભાવ એ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. વાદ હોય ત્યાં સંવાદ ન હોય. સંવાદ ન હોય ત્યાં વિવાદ જ હોય.

આપણે ખુલ્લાદિલે વાત જ કરી નથી શકતા. પોતાની વ્યક્તિનાં સપનાંની જ આપણને ખબર નથી હોતી. સપનાંની ખબર ન હોય તો પછી પોતાની વ્યક્તિના સ્વર્ગની તો ખબર જ ક્યાંથી હોય? એક ઘરમાં એક જ સ્વર્ગ હોય. એક ઘરમાં બે વ્યક્તિનાં અલગઅલગ સ્વર્ગ હોઈ શકે નહીં. આપણે માત્ર આપણું સ્વર્ગ રચવા જતાં હોઈએ ત્યારે મોટા ભાગે આપણે સ્વર્ગની નહીં, પણ નર્કની જ રચના કરતાં હોઈએ છીએ! એકલાએકલા સ્વર્ગ બનાવી લઈએ તો પણ એમાં છેલ્લે તો એકલતા જ હોય છે.

ઘણા એવું બોલતા હોય છે કે હું મારી રીતે રહું છું અને એ એની રીતે રહે છે. સરવાળે તો બંનેને જે રીતે રહેવું હોય એ રીતે રહેતા જ હોતા નથી. પાસે હોઈએ છીએ, પણ સાથે નથી હોતા. સ્વર્ગ બે હાથે રચાતું નથી, સ્વર્ગ ચાર હાથે રચાય છે. શહેર એ સ્વર્ગનો સમૂહ બની જાય તો સૃષ્ટિ થઈ જાય. આપણું સ્વર્ગ આપણા હાથમાં હોય છે, પણ જો એ હાથમાં બીજો હાથ હોય તો!

संसार का दुःख - जन्म

महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

संसार में दुःख अनेक है किन्तु ज्ञानियों ने मुख्य रुप से तीन दुःख बताए है, जन्म, जरा और मरण। पहेला दुःख है जन्म। आप को पढकर आश्चर्य होगा की किसी भी जीव को जन्म लेने में क्या दुःख हो सकता है? किंतु महापुरुषो ने तीन दुख में जन्म के दुःख को महान बताया है। इस दुःख से परे होने का मार्ग भी बताया है। हम ऐसी करणी करें की हमारे शुभ-अशुभ सारे कर्म क्षय हो जाये और कर्मरहित आत्मा का स्थान सिद्धलोक है। जीन आत्माओं ने कर्मरहित बनकर सिद्धलोक में स्थाान प्राप्त कर लिया है उन्हें अब कहीं भी जन्म लेना नहीं पडेगा। वे इस जन्म, जरा और मरण के दुःख से मुक्त हो गये।

बन्धुओ, जो आत्मायें जन्म लेती है उसे बुढापे के दुःख को सहना पड़ता है, और समय पूर्ण होने पर मृत्यु के दुःख से भी गुजरना होता है। क्या वास्तव में जन्म लेना या जन्म की घडी दुःखदायी है। आत्मा न तो मरती है, न बूढी होती है, और ना जन्म लेती है। किन्तु यह विषय शरीर का है । शरीर के साथ रहकर आत्मा को जन्म, मरण और बुढापे का दुःख सहन करना पड़ता है, जब आत्मा अशरीरी बन जाती है फिर वह जन्म-मरण के चक्कर से मुक्त होकर सिद्धलोक में स्थिर हो जाती है।

जन्म, जरा, मरण का चक्कर इसमें अनन्त आत्मायें पिसती रहती है, इस बीच आत्मा अच्छे कर्म करतेकरते मनुष्यभव में आ पहूँचती है। यहा उसे पुरुषार्थ करने का मौका मिलता है, कर्म क्षय करने का अवसर प्राप्त होता है। कर्म क्षय कर अनन्त आत्मायें सिद्धलोक पहुंची है, और जिनके कर्म शेष है वे इस चक्कर में जन्म-मरण एवं बुढापे का दुःख भोग रही है।

जन्म का दुःख - इस आत्मा को अपने कर्म के अनुसार जो गति मिलती है उसे वहाँ जाना पड़ता है। मनुष्यभव के जन्म की बात करें, एक जगह से आत्मा मर कर एक समय के अन्दर ही वह अपने नियत शरीर में उत्पन्न हो जाती है। वहाँ उसे माँ के उदर में स्थान मिलता है, वहाँ उसका शरीर बनता है, अंकुरित होता है, और उस शरीर में आत्मा प्रवेश करती है। माँ के गर्भ में हमारी स्थिति कैसी होती है, हमें श्वासोसाँस की क्रिया, आहार आदि माँ के श्वासोसाँस एवं आहार से ही मिलता है। आत्मा जब तक शरीरी है, शरीर के साथ है वह आहारक है, और आत्मा का स्वभाव अणआहारक है। किन्तु शरीर में रहकर आत्मा आहारक बन जाती है, जैसे ही हम शरीर बदलते है माँ के उदर में ही हमारे शरीर को भूख लगती है। उस समय माँ से हमें ओज आहार प्राप्त होता है। वह ओज आहार उस शरीर के अन्त तक रहता है। यह ओज आहार एक ऐसी शक्ति है जो शरीर को टीकाये रखने में समर्थ होती है। पुराने जमाने में लोग अगर किसी की मृत्यु होती थी तब ऐसा कहते थे ''क्या करे, इसका ओज ही समाप्त हो गया है इसलिये इस की मृत्यु हो गयी''।

माँ की महानता-हमारे शरीर को बनाने की मुख्य भूमिका माँ की है और साथ हमें ओज आहार माँ से ही प्राप्त होता है, पिता से नहीं। इसलिए माँ की महिमा अपरम्पार है। कहा जाता है, तीर्थंकरों को भी जन्म देनेवाली माता ही होती है। उन्हें भी ओज आहार माँ से ही प्राप्त होता है। हमारी स्थिति माँ के उदर में कैसी होती है? हम माँ के उदर में औंधे लटके रहते है, माँ की नाभी से हम जुडे होते है। हमारे मुख के सामने से ही माँ की अशुचि शरीर के बाहर निकलती है। लोग कहते है माँ के पेट में हम गटर लाइन के पास उन्धे लटकाये जाते है। जरा सोचे, हम खेलखेल में बच्चों को औन्धा लटकाते है २-५ मिनिट के लिये उस समय उस बच्चे की क्या परिस्थिति होती है। ५ मिनिट औंधे लटकने से घबराने वाला बच्चा माँ के उदर में ९ महिने तक औन्धा लटका रहता है। उस समय हमारी आत्मा भगवान से वहाँ प्रार्थना करती है, अनुनय विनय करती है। हे भगवान, मुझे इस बन्धन से मुक्त कर मुझे यहाँ से बाहर निकाल, लेकिन सुनने वाला कोई नहीं। सहन करे बिना कोइ रास्ता नहीं। वहाँ अपना शरीर धीरे धीरे बड़ा होता है।

गर्भावस्था का समय पूर्ण होते ही हमें बाहर आनें का मार्ग समझ में आता है। कहा जाता है प्रसव में माँ को बहुत पीड़ा होती है, क़िन्तु मैं तो यह कहूँगा की उस बालक को कितनी असाध्य वेदना होती होगी जो माँ की उदर से बाहर इस संसार में प्रवेश करता है। एक जगह मैंने पड़ा है यह कार्य अपने ''नाक से नारियल'' निकाल ने के समान है, नव मास तक असह्य वेदना सहन कर उससे भी ज्यादा तकलीफ उसे माँ के उदर से बाहर आने में होती है। यह है जन्म का दुःख। माँ की वेदना तो बच्चे को जन्म देने के बाद भुला दी जाती है, क्योंकि उसे सामने अपना लाल दिखता है। उसके लाल में माँ अपने सब दुःख को भूल जाती है, किन्तु वही लाल जब बड़ा होकर माँ को दुःख देता है, उससे माँ को असह्य पीड़ा होती है।

बच्चा गर्भ में भगवान से प्रार्थना करता है, हे प्रभु, मुझे यहाँ से बाहर निकाल, मैं तेरी भक्ति करूँगा। अपने जीवन में एक दिन ऐसा भी आ जाता है। हम माँ के उदर से जब बाहर आते है, इस स्वार्थ भरे ससांर में प्रवेश करते है। माँ की कोख से जन्म लेने के बाद बच्चा रोता है, रोने में वह भगवान से कहता है, हे भगवान, तु वहाँ में यहाँ हूँ, अब मैं आपकी कैसे भक्ति करुँ? ऐसा है स्वार्थ भरा संसार।

माँ के उदर में एवं प्रसव के बाद जब हम छोटे होते है तब हमें आहार माँ से ही प्राप्त होता है, एवं हम माँ की गोद में निर्भीक होकर निश्चिन्त हो जाते है। कहीं भी डर लगा तो माँ की याद आती है और हम तुरन्त माँ की गोद में आ जाते है। क्या हमने बड़े होकर माता को ऐसा स्थान प्राप्त करवाया है, जहाँ माता निर्भीक एवं निश्चिन्त हो।

मछली जल की रानी नदी, तालाब या समुद्र के किनारे पर अपने बच्चो दो जन्म देती है। जन्म के तुरन्त बाद शरीरी आत्मा को भूख लगती है। उसे तुरन्त आहार की जरूरत होती है, उस समय मछली के बच्चे किसी प्रकार का आहार नहीं कर पाते जो मछली आहार करती। फिर उन्हें आहार माँ अपनी आँखो से करवाती है। मछली की आँख की अमी से मछली के बच्चों को आहार प्राप्त होता है। मछली बस अपने बच्चों को देखती रहती है। और बच्चे शनैः शनैः बड़े हो जाते है। मछली के शरीर से जो ओरायें निकलती है उन ओराओं एवं आँख की अमी से बच्चो में सींचन होता है और वह अपने आप बडे हो जाते है।

बन्धुओ, जब हम छोटे थे, पराधीन थे तब हमें भी माता-पिता द्वारा उनके शरीर से निकली ओराओं से एवं आंख की अमी से हमारे शरीर में एक विशेष तत्त्व का सींचन होता है, जो हमे दिखते नहीं है, किन्तु अपार शक्ति प्रदान करते है।

हमारे शरीर को आवश्यक सारी चीजे हमें माता-पिता से प्राप्त होती है। हमें सोचना होगा हम उनके साथ किस प्रकार का व्यवहार करें। हमने जन्म के दुःख की बात करी, अपार दुःख झैल कर हम मनुष्यभव में अवतरित हुये। क्या हम इसे ऐसा ही जाने दे? नहीं, इस भव में कुछ कर लेने जैसा है, हम ऐसे कार्य करें जीससे हम कर्मबन्धन से मुक्त हो जाये। फिर हमें जन्म-मरण के दुःख से मुक्ति मिलेगी।

યાદનું પંખી

યાદના એ પંખીને પૂછો કે રાતભરી,
આંખડીમાં બાંધ્યો તો માળો,
હૈયે લગાવી એને જંપ્યો એ ભૂલ,
એની ચાંચે ચાંચે હું વીંધાણો.
હમણાં આ વેદનાની થંભી સરવાણી,
જરા તમને જોયા ને હોઠ મલક્યા.
માનો ના માનો, તમ સામા આવ્યા તો મારા
રૂંધાતા કંઠ જરા છલક્યા.
બિરહાની નાગણીએ દીધો છે ડંખ,
સરી જાતા આ ભાનને સંભાળો.
તમને સ્પર્શીને સરી આવી જે લહરી,
એની ફોરમને કેમ રે ઝિલાય!
શમણામાં જોયું એ જ સાચું, ઉઘાડી આંખે,
ઉરના ઊંડાણ ના કળાય;
ઝાલ્યો છે ત્યારથી ન શેયે મેલાય,
એક મનગમતો હાથ આ હૂંફાળો.

- હરીન્દ્ર દવે

बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

Mob.: 9820002953 • Tel.: 022-24121234

BIO DATA

NAME : VAIBHAV HASMUKHRAI THAKKAR

Bd/Bt/Bp : 10-3-1984 / 7.36 am / Ahmedabad

Height : 6'-0", **Weight:** 72 kg, **Complexion :** Fair

Religion : Sthanakwasi Jain/Jamnagar & Halar Visha Shrimali, Mumbai

Resi : 201, Magadh, Neelkanth Kingdom Complex, Nathani Road, Near Railway Station, Vidyavihar (W), Mumbai - 86.

Education : **(1) MBA** (Finance), from Prin. L. N. Welingkar Institute of Management & Research in June 2012 **(2) B.E.** (Information Technology) from Vivekanand Education Soceity's Institute of Technology in June 2006 **(3) IIBA CCBA** Certified Business Analyst, April 2015

Employment : Working as Senior Consultant at Wipro Technologies Ltd with Citi Bank as the client since June 2012.

Email : vaibhavthakkar2004@gmail.com

Mobile No : 91-9892027120 / 022-25220284

Parents : Late Shri Hasmukhrai Nandlal Thakkar B.E.(Civil)
Smt. Varsha Hasmukhrai Thakkar, B.A.

Advt

BIODATA

NAME : **FORUM S. MEHTA**

Bd/Bt/Bp : 17-9-1991, 7.24 pm, Dadar, Mumbai,

Height : 5' - 5"

Caste : Machukatha Visha Shrimali Jain - Deravasi

Native : Morbi

Education : B.F.A.(Commercial Arts - Rachana Sansad College)

Profession : Commercial Artist at "Yellow Umebrella"

Grand Father : Mohanlal Karsanji Mehta

Grand Mother : Gunvantiben M. Mehta

Father : Mr. Shailesh M. Mehta (Entrepreneur) M: 9819279528

Mother : Mrs. Rita S. Mehta (Housewife) M: 9920039677

Brother : Mr. Dhaval S. Mehta (Married)

Mosal : Pravinchandra Maganlal Gholani

Mama : Mr. Nimesh P. Gholani M: 9819827631

Res. address : 901/902, Mittal Gardenia, 9th Floor, Dr. B. Ambedkar Road, Near Kapol Niwas, Matunga (E), Mumbai - 400 019.

Fathers Business: Mehta's Collection, Retail Showroom, Readymade men's wear, Dr. B. Ambedkar Road, Dadar T.T. Mumbai - 400 014. Tel No. 24143833

Advt.

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

યુવક

નં	નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	નિકુંજ જસવંતલાલ બારભાયા, ૨૮-૧૨-૧૯૮૬, ૫'-૮'' બી.કૉમ., -	સ્થાનકવાસી જૈન પાળિયાદ-ડૉંબિવલી (ઈસ્ટ)	(ઘર) — (મો) ૯૬૬૪૭૧૨૭૮૦
૨)	દર્શન હેમંતભાઈ શાહ, ૬-૯-૧૯૯૦, ૫'-૧૧'' એમ.બી.એ., -	મહેસાણા શ્વે. મૂ. પૂ. દશા શ્રીમાળી જૈન મહેસાણા -	(મો) ૮૩૦૬૪૮૧૩૪૧ (મો) ૯૨૨૮૧૦૮૩૬૪
૩)	રાજ નરેશભાઈ શાહ, ૨૨-૫-૧૯૮૬, - સી.એ., -	દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન માંગરોળ - ઘાટકોપર	(ઘર) ૨૫૧૪૯૦૧૮ (મો) ૯૩૨૪૩૧૫૭૭૭
૪)	અમિત જગતભાઈ શાહ, ૨૯-૫-૧૯૮૪, ૬'-૦'' બી.કૉમ., એમ.સી.એ, એમ.આઈ.એમ., એમ.કૉમ પાર્ટ-૧	ઘોઘારી શ્વેતામ્બર જૈન ભાવનગર - વિલે પાર્લે	(ઘર) ૨૬૭૧૨૨૨૮ (મો) ૯૯૮૭૭૬૬૭૮૮
૫)	ધૈર્ય મનીષભાઈ પારેખ, ૧૯-૪-૧૯૮૭, ૫'-૧૦'' એમ.બી.એ., -	દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન રાજકોટ -	(ઘર) ૦૨૮૧૨૪૭૩૬૯૩ (મો) ૯૦૩૩૫૩૨૩૨૧
૬)	મીનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦'' એમ.બી.એ. /બી.એમ.એસ. (નિર્દોષ છૂટાછેડા)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન ભાઈંદર - દિહોર	(ઘર) — (મો) ૯૩૨૦૫૪૪૩૫૧
૭)	અમિત નલિનભાઈ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦'' બી.કૉમ, /એમ.કૉમ, -	વીસા ઓસવાળ જૈન વેરાવળ - અંધેરી	(ઘર) ૨૬૨૦૯૬૫૬ (મો) ૯૮૨૦૪૫૭૦૮૭
૮)	મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧'' C.A., Pursuing ACCA (UK), – સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન ગોંડલ – મલાડ (વે)	(મો) ૯૦૨૯૨૫૮૯૯૧ ૯૯૩૦૨૭૪૬૨૦
૯)	તેજસ ચંદ્રકાંત ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧'' S.S.C., – સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન બિલખા (જૂનાગઢ) - વસઈ	(ઘર) ૦૨૫૦૨૩૩૪૭૨૨ (મો) ૯૩૨૩૧૭૯૧૦૦

યુવતી

નં	નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	ટ્વીન્કલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩'' સી.એ., -	ઘોઘારી વીસા ઓસવાળ જૈન શિહોર – બોરીવલી	(ઘર) ૨૨૯૩૦૯૫૨ (મો) ૯૩૨૩૧૨૧૫૬૩
૨)	પૂજા હેમંતભાઈ શાહ, ૧૮-૨-૧૯૯૫, ૫'-૨'' એસ.વાય.બી.કૉમ., કૉમ્પ્યુટર કોર્સ -	મહેસાણા શ્વે. મૂ. પૂ. દશા શ્રીમાળી જૈન મહેસાણા –	(મો) ૮૩૦૬૪૮૧૪૩૧ (મો) ૯૨૨૮૧૦૮૩૬૪
૩)	રુચિ અતુલભાઈ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦'' બી.સી.એ., -	સત્તાવીશ વીસા પોરવાળ દેરા. જૈન વલસાડ – યુ.એસ.એ.	(ઘર) — (મો) ૯૯૮૭૪૬૪૧૧૨
૪)	જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪'' બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ	(ઘર) ૨૮૭૫૭૫૩૫ (મો) ૯૩૨૩૩૩૪૩૦૭
૫)	ફોરમ જિતેન્દ્રભાઈ સંઘવી, ૯-૧૧-૧૯૮૩, ૫'-૦'' બી.કોમ/જ્વેલરી ડિઝાઇન/કૉમ્પ્યુટર કોર્સ	વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન કાંદિવલી - જોરાવરનગર	(ઘર) ૨૮૮૭૧૩૪૭ (મો) ૯૯૬૭૧૪૫૨૯૨
૬)	પૂજા સંતોષભાઈ શાહ, ૧૦-૧૨-૧૯૯૦, ૫'-૩'' બી.ઈ. કૉમ્પ્યુટર, એન્જિનિયર - (મંગળ છે)	વીસા શ્રીમાળી શ્વેતામ્બર જૈન ગોધરા - બોરીવલી	(ઘર) — (મો) ૯૮૬૯૪૬૪૯૭૧

Enjoy Holidays with Gem Travels

Splendid South Africa
09 N / 10 D

₹115999/- Departure Every Wednesday

Only Seychelles
05 N / 06 D

₹90000/- Departure Every Thursday

Italy with Swiss
10 N / 11 D

EURO 1549 + Airfare + Visa Taxes Departure:Every Sunday

Beauty Europe
08 N / 09 D

₹49999/- + Euro 1150 Departure Every Thursday & Sunday

Amazing New Zealand
13 N / 14 D

₹80000/- + NZD 2559

DUBAI
05 N / 06 D

₹50000/- Daily Departure

INCLUSION: Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.

ADVT.

GEM™ TOURS & TRAVELS PVT. LTD *The Luxury Tour Co.*

• Hemang Doshi +91 9322216626 • Virag Shah +91 9821065854
• Hemen Kanthawala +91 9819084064 • Dolly Jain +91 9004703237

Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com

HUGHES ROAD: (022) 2367 7070, DELHI: +011 40540012/13, PARLE: (022) 26178400, KHAR: +91 8291619279, KANDIVALI: +91 9920133567, VASHI: +91 91 22 41237070, PUNE: +91 9326222552, CHENNAI: +91 44 26401780, AHMEDABAD: +91 792 646 0300, SURAT: +91 2613913900, JAMNAGAR: +91 9426207014, BANGALORE: +91 9840045533, VASHI: +91 22 41237070, GURGAON: 01244141468

Price Rs.5-00 Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/05/2016
JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

Chheda® dry fruits

વેસ્ટર્ન સબર્બના સ્વાદ શોખીન જનતા માટે નવું નજરાણું !

છેડા ડ્રાઈફ્રુટસ®(સેન્ટ્રલ માટુંગા)ની
વિલેપારલા (પૂર્વ) માં સ્થાપના

A-5, Agrawal Market, Opp. Dinanath Mangeshkar Hall,
Vileparle (E), Mumbai - 400 057.
Tel.: 4013 1818 / 4014 1818 • Mob.: 88280 10309
E-mail : chhedadryfruits57@gmail.com
Harish Savla & Chetan Chheda

''ધરતીનો છેડો જો ઘર હોય... તો ....
પેટની તંદુરસ્તીનું રાઝ ડ્રાઈફ્રુટસ્ હોઈ શકે !''
જી હા ! સ્વાદિષ્ટ સારો ને ચોખ્ખો સૂકો મેવો ખાઈયે
તો તન અને મનની તંદુરસ્તી વધે જ છે !
કહેવાય છે કે - An idea can change your life !!
સ્વાદ, શુધ્ધતા અને સેવાની કસોટીમાં પ્રથમ નંબરે પાર ઉતરનાર
છેડા ડ્રાઈફ્રુટસ્ - માટુંગા અને વિલેપારલા (પૂર્વ) માં એક એવું વિશ્વસનીય સ્થળ છે,
જયાંથી ખરીદાયેલ પ્રત્યેક વસ્તુ આરોગ્યવર્ધક ચોખ્ખી - શુધ્ધ - સ્વાદિષ્ટ અને
વ્યાજબી ભાવમાં મળે છે !
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોએ નાના-મોટા ફેન્સી પેકીંગમાં
ડ્રાયફ્રૂટ્સ - મીઠાઈઓ - ચોકલેટસ પેક કરી આપવામાં આવશે.
We will undertake processing of your home made edible material
by DEHYDRATION & VACCUM PACKING.

Advt.

Printed & Published by : SANJAY B. SHAH on behalf of JAIN JAGRUTI CENTRE, Printed at ARIHANT PRINTING PRESS, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : CHANDRAKANT F. SHAH